


# ભક્તિ-ગીતો

શાંતિલાલ શાહ

# મંત્રસાર–

કિંમત રૂા. ૩–૫૦ ન.પૈ.
પોસ્ટેજ ૦–૯૫ ન.પૈ. અલગ

★

શ્રી માણિભદ્રના છંદ (૨)
,, પદ્માવતીને છંદ
,, મહાકાળીનો છંદ
,, ચક્રેશ્વરી દેવીની સ્તુતિ
,, મહાલક્ષ્મી અષ્ટક
,, મહાજ્વાલા અષ્ટક

**શ્રી નવકાર મંત્ર સંગ્રહ ફળદાયક વિધિ સહિત**

રક્ષામંત્ર (૧-૨-૩-૪)
શુભાશુભ જાણવાનો મંત્ર
વિદ્યા પ્રાપ્તિ મંત્ર
વાદજય મંત્ર
પરદેશ લાભ મંત્ર
વશીકરણ મંત્ર
કાર્યસિદ્ધિ મંત્ર
દ્રવ્યપ્રાપ્તિ મંત્ર
સર્વસિદ્ધિ મંત્ર
પુત્ર સંપદા પ્રાપ્તિ મંત્ર (૧–૨–૩)
દ્રવ્ય પ્રાપ્તિનો સાદો ઉપાય
શ્રી માણિભદ્રજીના મંત્રો
નાકોડા ભૈરવ સ્તોત્ર અને પ્રાર્થના
ભૈરવાષ્ટક
મંત્રગર્ભિત પદ્માવતી સ્તોત્ર
લક્ષ્મીપ્રાપ્તિ મંત્ર–૨
સર્વકાર્ય સિદ્ધિ મંત્ર–૧
વ્યાપારલાભ મંત્ર–૧
વસ્તુ વિક્રય મંત્ર–૧
રોગ નિવારણ મંત્ર–૨
શત્રુભય ને ક્લેશ નાશક મંત્ર–૧
સર્વભય નિવારણ મંત્ર
ચોરભય નિવારણ મંત્ર
કેદમુક્ત થવાના મંત્ર–૩
આકાશગમન મંત્ર–૧
ભૂતપ્રેતનિગ્રહ કરણ મંત્ર
શ્રી માણિભદ્ર પ્રત્યક્ષ કરવાનો મંત્ર
ગ્રહશાંતિ માટે ઉપયોગી યંત્રો જાપ વિગેરે
ગ્રહમુદ્રિકા યંત્ર
મંત્રોનું મહત્વ
મંત્ર સાધના વિધિ
ભૂમિ શુદ્ધિ કરવાનો મંત્ર
સ્નાન કરતાં જપવાનો મંત્ર
વસ્ત્ર પહેરતાં જપવાનો મંત્ર
શ્રી ઘંટાકર્ણ મહામંત્ર અને તેની સાધનનો વિધિ
લક્ષ્મી પ્રાપ્તિ માટે યંત્રો-૧-૨

# ભક્તિ ગીતો

આર્દ્રકુમાર તથા મુનિ નંદીષેણના
કથાગીતો સહિત

★

: પ્રકાશક :

મેઘરાજ
જૈન પુસ્તક ભંડાર
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ
મુંબઈ-૨

શાંતિલાલ બી. શાહ

★

દોઢ રૂપિયો

: પત્રવ્યવહાર :
શાંતિલાલ શાહ
C/o. ફોરવર્ડ સ્ટુડીઓ
મંગલવાડી, ગિરગાંવ
મુંબઈ-૪. ટે.નં. ૨૭૭૧૪

: મુદ્રક :
રામદાસ ઈ. પટેલ
રજની પ્રિન્ટરી
પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ-૨

સર્વ હક્ક લેખકને સ્વાધીન

☆

આ પુસ્તકમાંની કોઈપણ કૃતિનો
કોઈપણ ઉપયોગ કરતાં પહેલાં
લેખકની પરવાનગી જરૂરી છે

☆

પ્રથમ આવૃત્તિ સં. ૨૦૧૩
દ્વિતિય આવૃત્તિ સં. ૨૦૧૭
ત્રીજી આવૃત્તિ સં. ૨૦૧૯

☆

: પ્રકાશક :
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
કુંવરજી હીરજી છેડા
મણશી મેઘજી બુકસેલર
ગોડીજીની ચાલ, કીકા સ્ટ્રીટ, મુંબઈ-૨

# નવાં એંધાણ

એમ લાગે છે કે ભક્તિ–સંગીત પ્રત્યે સમાજની અભિરૂચી વધતી જાય છે. 'પૂજા' અને 'ભાવના'ના ઠેર ઠેર મંડળો ઊભાં થતાં જાય છે. એમને મનગમતાં ગીતોની માંગ પણ વધતી જાય છે. નવા રાગો, નવી તરજો, નવા શબ્દો, નવાં સ્તવનો–કથાઓ બધું જ નવું નવું જોઇએ !

કારણ કે ગાનારાં પણ નવાં જ છે ને? દેશભરમાં ધાર્મિક પ્રસંગો વધી રહ્યા છે અને તે માટે ધંધાદારી ગાયકો ઓછા પડે છે. વારંવાર એકના એક સાંભળવા પડે છે !

તેથી જ તો મંડળીઓ વધી રહી છે. તેમાંય આનંદ અને આશ્ચર્ય તો એ વાતનું છે કે બહેનોની નવી નવી ટોળીઓ રચાતી જાય છે! એકલા મુંબઇમાં જ જોઇએ તો બહેનોનાં અનેક મંડળો તૈયાર થયાં છે ને થઇ રહ્યાં છે. ચારેક મંડળોને તો હું તાલીમ આપી રહ્યો છું. સમયના અભાવે કેટલાંકને ના પાડવી પડે છે. એમના માટે યોગ્ય શિક્ષકો પણ આજે દૂર્લભ છે.

આ બધો ઉત્સાહ અને આ ક્ષેત્રમાં સ્ત્રીઓનું 'આક્રમણ' જોતાં એમ લાગે છે કે ભવિષ્યમાં 'પુરૂષોની પૂજા' અપવાદ બની જશે!!

એમ થાય તો ખોટું ય શું છે? પુરૂષોને એવી 'ફૂરસદ' કે 'રસ' પણ ક્યાં છે? વહેવાર ખાતર કોઇ સંબંધીની પૂજામાં આવવું પડે તે પણ કેટલી મુસીબતે? ત્યારે સ્રીઓને તો મુંબઇ–અમદાવાદ જેવાં શહેરોમાં બપોરે સારો સમય મળે. એનો સદુપયોગ આવા સાંત્વિક કાર્યમાં થાય એ તો આવકારદાયક જ છે.

એમ લાગે છે કે 'નવી હવા' પેદા થઇ રહી છે!


આપણે એને સત્કારવા અને અપનાવવા તૈયાર રહીએ. 'ભક્તિ–ગીતો'ની આ ત્રીજી આવૃત્તિ પ્રસંગે સમાજનો આભાર.

વૈશાખ : ૨૦૧૯ — શાંતિલાલ શાહ

જૈન કથા સાહિત્યના જાણ્યા-અજાણ્યા
અનેક પ્રસંગો તથા પાત્રોદ્વારા
જગતના વિશાળ ચોકમાં ધર્મના
રહસ્યોને વાર્તારૂપે પ્રગટ કરનાર
સિદ્ધહસ્ત લેખક અને લબ્ધપ્રતિષ્ઠ સાક્ષર

શ્રી : મોહનલાલ ચુનીલાલ ધામીને-

શાંતિલાલ



# અનુક્રમ


| નામ | પાનું | નામ | પાનું |
|---|---|---|---|
| ભાવના ... ... ... | ૭ | નયણાંની બિસ્છાત... ... | ૪૬ |
| તિતિક્ષા ... ... ... | ૮ | પ્રીતનાં ગીત ... ... | ૪૭ |
| પૂનમ ને અમાસ... ... | ૧૦ | કેમ વિસારૂં ... ... | ૪૮ |
| વીર કુંવરની વાતડી ... | ૧૧ | વીર જન્મ ... ... ... | ૪૯ |
| રથને પાછો વાળ... ... | ૧૩ | હૈયાની વાત ... .. | ૫૧ |
| ચૂંદડી ... ... ... | ૧૫ | કથીરમાંથી કાંચન ... | ૫૨ |
| જંગલની કેડીએ ... ... | ૧૬ | ખીલા ઠોકાણા ... .. | ૫૩ |
| અમર કહાણી ... ... | ૧૭ | કંચન અને કથીર ... | ૫૫ |
| શ્રદ્ધાદીપ ... ... ... | ૧૯ | આશ્વાસન ... ... .. | ૫૮ |
| ઝેરનું મારણ ... ... | ૨૦ | નિરધાર ... ... ... | ૫૯ |
| હૈયાધારણ ... ... ... | ૨૨ | વીર નિર્વાણ ... ... | ૬૦ |
| શાશ્વત સુખ ... ... | ૨૩ | જીવનશુદ્ધિ ... ... ... | ૬૨ |
| મુક્તિની પગથારે ... ... | ૨૪ | પીડ પરાઇ જાણી .. .. | ૬૩ |
| પ્રાણથી યે પ્યારાં... ... | ૨૬ | ઓ અહિંસાના પયગમ્બર | ૬૪ |
| ભિક્ષા ને દીક્ષા ... ... | ૨૭ | ભજન ... .. ... | ૬૫ |
| પગલે પગલે ... ... | ૨૯ | વીરની વાણી ... ... | ૬૭ |
| નિર્વૈરી ... ... ... | ૩૦ | કમઠ જોગી ... ... | ૬૮ |
| માલકૌંસ . ... ... | ૩૧ | પારસ કરજે ... .. | ૭૦ |
| ભૂલામણી ... ... ... | ૩૨ | વશીકરણ .. ... ... | ૭૧ |
| આદર્શ દંપતિ ... ... | ૩૪ | દીપક પ્રગટાવવા ... ... | ૭૨ |
| એકતારો ... ... .. | ૩૫ | જ્યોતમાં જ્યોત ... ... | ૭૩ |
| ધિંગાણા ... ... ... | ૩૬ | સ્વરની સમાધિ ... ... | ૭૪ |
| પિંજરનું પંખી ... ... | ૩૮ | કસોટી ... ... ... | ૭૫ |
| શું માગીએ ? ... ... | ૩૯ | સ્મરણ ... ... ... | ૭૬ |
| વ્હાલપની વેણુ ... ... | ૪૦ | આધાર ... ... ... | ૭૭ |
| પ્રીતની પરાગ ... ... | ૪૨ | સુખમાં ને દુઃખમાં ... | ૭૮ |
| જીવનનૈયા ... ... ... | ૪૩ | બેશરમ ... ... ... | ૭૯ |
| તારે શરણે ... ... ... | ૪૪ | મને દેજે એવું ગીત ... | ૮૦ |
| લખ્યા લેખ ... ... | ૪૫ | આર્દ્રકુમાર ... ... .. | ૮૧ |

મુનિ નંદીષેણ ... ... ૯૧

# બડભાગી

હે વીતરાગી,
તુજ શાસન અનુરાગી થઇને
હું તો બન્યો બડભાગી.

તુજ ભક્તિમાં મગન બન્યો છું
લગન અનેરી લાગી.

વ્હાલપનું વાગે વાજિંતર
સતનું સંગીત ગુંજે
સ્વર સ્વર ઝંકાર કરે
સંસારની કુંજનિકુંજે,

યુગ યુગની નિંદરમાં સૂતી
આજ આંખડી જાગી.

હે વીતરાગી,

સોહામણું છે શાસન તારું
પતિત પાવનકારી
તુજ નામે સૌ શાતા પામે
જનમન મંગલકારી,

તારે ચરણે આસન દેજે
રહું એટલું માગી;
હે વીતરાગી!

☆

# ભાવના

ભક્તિની રીત ના જાણું, તો યે ભગવાન;
હું તો ગાઈ રહ્યો છું રે, તારાં ગુણગાન.
નથી કંઇ જ્ઞાન તો યે ધરવું તારું ધ્યાન. હું તો.

કંઠ ના મધુરો
સ્વર છે બસ્વરો,
જીવનમાં અધુરો
કિંતુ ભાવ પૂરેપૂરોઃ
ખરું ખોટું આલાપીને રહું ગુલતાન—હું તો.

તને કે જગતને રીઝાવી ન જાણું
અંતરની આગને બુઝાવી ન જાણું
પ્રીતિનાં ગીત કેરી નથી રે પિછાણ—હું તો.

નથી કરવું નામ મારે, નથી જોઇતી નામના
એટલું આપજે કે ભાવું તારી ભાવના
જો જે ના મુજમાં આવે જરી અભિમાન!—હું તો

☆

# તિતિક્ષા



મમતા નહિ મનમાં જરી સમતાના ભંડાર
એવા શ્રી પ્રભુ વીરને, વંદન વાર હજાર.

☆

ઓ સમતાના ધરનારા,
તારા જીવન–રહસ્યો ન્યારા.

દુશ્મનને પણ પૂર્ણ પ્રેમથી ક્ષેમકુશળ પૂછનારા!

સુખદુઃખમાં તેં સમતા રાખી તુંજ ખરો મહાવીર
ઉપસર્ગોનાં પ્હાડ તૂટ્યાં પણ ડગ્યો નહિજ લગીર

ઓ વજ્ર હૃદય ધરનારા!

ચંડકોશિયો કરડ્યો પગમાં ઝેર હલાહલ દીધું
ત્યારે તેં તો કરુણા આણી 'કંઇક સમજ' એમ કીધું

ઓ ઝેરના જીરવનારા!

ભાન ભૂલી ભરવાડે જ્યારે ખીલા ઠોકિયા કાને
રોક્યા નહિ એના હાથ લગીરે અડગ ઊભા નિજ ધ્યાને

ઓ હસતે મુખ રહેનારા!

તારા પગને ચૂલો કરીને ઉપર ખીર બનાવી
અંગે અંગ બળે પણ મુખ પર શીતળતા પ્રસરાવી

ઓ દાવાનળ પીનારા!

ગોશાળાએ કરી ઘેલછા તેજોલેશ્યા છોડી
સંહારકને ક્ષમા કરીને દીધી શીખામણ થોડી

ઓ કરુણાના કરનારા!

પ્રચંડ શક્તિ હતી છતાં પણ પરમ શાંતતા ધારી
મનથી પણ નહિ દ્વેષ ચિંતવ્યો અજબ તિતિક્ષા તારી!

ઓ જગમંગલ ગાનારા
તારા જીવન-રહસ્યો ન્યારા!

☆

હે વીર, અમને વીરતા દેજો
કુસંપ ને કાયરતા હરજો

# પૂનમ અને અમાસ



એ હતી અજવાળી પૂનમ ને
બીજી રાતડી કાળી
પારસનાથને એવાં મળ્યાં
ધરણેન્દ્ર અને મેઘમાળી !

ઉપકારી ઉપકાર ભૂલે નહિ વેરી ભૂલે ન વેર
એક ધરે અમૃતની પ્યાલી બીજો હલાહલ ઝેર !
એક ભાવથી ભક્તિ કરે ને બીજો રહે જીવ બાળી !

એક દિવસ વટવૃક્ષની નીચે પાર્શ્વ પ્રભુ ધરે ધ્યાન
ભાન ભૂલી મેઘમાળી લાવે આંધી ને તોફાન
પરભવનો ઉપકાર વિચારી નાગ રહ્યો ફેણ ઢાળી !

સમતાસાગર પાર્શ્વ પ્રભુને નહિ માન–અપમાન
હોય મિત્ર કે શત્રુ ભલેને એને સર્વ સમાન
સમદૃષ્ટિથી બેઉ જણાંને
રહેતા નાથ નિહાળી.

☆

# વીર કુંવરની વાતડી

ઓ માડી,
તારા કુંવરની કરવી શી વાત?

ઓ ત્રીશલા,
તારા કુંવરની કરવી શી વાત?

સૌમાં અનોખી એની જાત
ભલેરી એની ભાત–ઓ માડી.

એક દી' અમે બાળ સૌ રંમત રમતાં'તાં
ગંમત કરતાં'તાં,

આવ્યો ત્યાં એક માનવી;
વર્ધમાનને એણે પીઠ પર બેસાડી
રમતો રમાડી નવી!

ધીમે ધીમે રૂપ બદલાવી
સૌને ગભરાવી
ઊંચો ઊંચો થઇ જાતો

રાક્ષસ જેવી કાયા કરીને
મોટો થતો મદમાતો!

ત્યાં તો તારા લાલે પરચો બતાવ્યો
મારીને જોરથી લાત!

દીન બન્યો એ
પગમાં પડ્યો એ;
માફી માગીને કહે હવે હું
નહિ રે કરૂં ઉત્પાત!
ઓ માડી......

એક દી' અમે બાળ સહુ રંમત રમતાં'તાં
ગંમત કરતાં'તાં,

નીકળ્યો ત્યાં મોટો સાપ;
સાપને દેખી અમે નાસવા રે લાગ્યાં
બોલી ઊઠ્યાં બાપ રે બાપ!

ત્યાં તો તારો લાડીલો, ફાળ ભરી દોડ્યો
ને ઝાલી લીધો પળમાંય

દોરડાની જેમ એને પકડીને ફેંક્યો
ધ્રુજ્યો નહિ એનો હાથ! ઓ માડી.

લાડકડો તારો
સાથી અમારો
રૂપે ગુણે રળીયાત
દિવસ ને રાત એની છાયા હશે તો
માયા હશે તો
બીજાની શી પંચાત?!

☆

# રથને પાછો વાળ

ઠાઠમાઠથી જાન જોડીને આવ્યા નેમકુમાર
આનંદ–ઉત્સવ ગાજિયો રાજુલ કેરે દ્વાર,
ત્યાં તો કારમી ચીસ પડી આવ્યો પશુ પોકાર
આકુળ–વ્યાકુળ થઇ ગયા સુણતાં નેમકુમાર!

☆

રથને પાછો વાળ, સારથી!
રથને પાછો વાળ,
અબોલ પશુના પોકારોમાં બોલી રહ્યો છે કાળ!

અહિંયા મંગળ ગીત ગવાતાં, તહીં કરુણ કિકિયારી
અહીં વરણાગી નાચરંગ ને તહીં વેદના ભારી!

મેવા–મિઠાઇ થાળ ભર્યાં અહીં, તહીં મૃત્યુની ઝાળ!

રથને પાછો વાળ.

મજા આપણી, સજા બીજાને, આ તે ક્યાંનો ન્યાય!
લગન માણીએ મગન બનીને, બીજાને હૈયે ઝાળ!

મોત નિહાળી ધ્રુજતાં પશુને, મુક્ત કરો તત્કાળ!

મારી જેમ આ સઘળાં પ્રાણી, ચાહે છે જીવવાને
જીવતર વ્હાલું જીવ માત્રને ચાહે ના મરવાને

'જીવો ને જીવવા દો સહુને'
એ સુત્રો સંભાળ,

રથને પાછો વાળ.

ચલો સારથી જોઇ લીધા મેં
સુખદુઃખના ઓછાયા

નથી પરણવું, લગ્નજીવન પણ
બંધનના પડછાયા!

મેળવવી છે હવે માહરે મુક્તિની વરમાળ!

રથને પાછો વાળ.

☆

# ચૂંદડી

તને વિનવું છું માડી તારા પગમાં પડી
હવે નહિ રે ઓઢું હું બીજાની ચૂંદડી!
કે'વું શું માવડી, તને ઘડી ઘડી—હવે.

ભલે માનો તમે સૌ કુંવારી મને
હું તો પરણી ચૂકી છું મારા નેમને
મારે અંગે છે એમની પીઠી ચડી!—હવે.

બીજાના મીંઢળ નથી મારે બાંધવા
બીજા કોઇ દેવને નથી આરાધવા!
નવલી દુનિયાની મને કેડી જડી—હવે.

પ્રિયતમને પગલે પગલે જાવું
જોગીની પાછળ જોગણ થઇ જાવું!
નહિ આવે આવો અવસર ઘડી ઘડી

☆

જાઓ ભલે મારા ભવોભવના સ્વામી
તમ પગલે નવું જીવન પામી.

# જંગલની કેડીએ–

જંગલની કેડીએ જોગી બનીને પેલો
ચાલ્યો રે જાય વર્ધમાન,

રાજપાટની એણે માયા મૂકી, એની
કાયા હજી નવજુવાન!

નયણેથી નીતરે કરુણાની ધારા
અંતરમાં ઉછળે સ્નેહના ફૂવારા

સંકટમાં એણે સમતાને સાધી
કંટકમાં કીધું પ્રયાણ.

સામે ચઢીને એણે દુઃખડાંને નોતર્યાં
ઝેરી જંતુએ એના અંગ અંગ કોતર્યાં

દેહને દુભાવનાર પ્રત્યેક જીવને
દીધાં અભયનાં દાન!

જંગલમાં મંગલની કીધી છે કામના
અમૃતને કાજ એની આતમ–ઉપાસના

સારા સંસારને સ્નેહથી સુણાવતો
મોંઘેરૂં મુક્તિનું ગાન!

☆

# અમર કહાણી

દીવ્ય-પ્રેમની અમર કહાણી વિશ્વમહીં અણમૂલ
પ્રાતઃ સ્મરણીય નામ છે નેમ અને રાજુલ.

☆

નેમનાથ ને રાજુલ કેરી જગમાં અમર કહાણી
આજ લગી ઇતિહાસે એવી બીજી નથી લખાણી.
આત્મ-પ્રદેશે દીવ્ય-પ્રેમની પ્રગટ થતી સરવાણી.

જનમ જનમની પ્રીત એઉની
ગીત જીવનના ન્યારા
એક બીજાને ઓળખવાના
આતમના ઇશારા !

ગાંઠ પરસ્પર સ્નેહભાવની ભવોભવથી બંધાણી.

લગ્ન કાજ માંડવડા રોપ્યા
વાગી રહી શરણાઈ
શરણાઇની સાથ પશુની
આર્ત ચીસો સંભળાઇ

હાહાકાર મચ્યો ચોગરદમ જાન બધી વીખરાણી !

દેહ-લગ્નના કોડ બધાં
રાજુલના રહ્યાં અધુરાં

સંયમ પંથે પગલાં પાડી
કીધાં ઓરતાં પૂરાં !

શરીર ને આતમની સાચી સ્નેહ-સગાઇ પિછાણી.

આ અવનિ પર અમર દંપતિ
અખૂટ પ્રેરણા આપે

જે કોઇ ગાવે ભક્તિ ભાવથી
ભવોભવ દુઃખડાં કાપે

આત્મ-પ્રેમના પ્રતિક સરખી પાવનકારી કહાણી
આજ લગી ઇતિહાસે એવી બીજી નથી લખાણી !

☆

તનડાનું સગપણ ભલે દીધું તોડી
આતમની પ્રીત એણે આતમથી જોડી !

# શ્રદ્ધાદીપ

નૈયા ઝૂકાવી મેં તો જો જે ડૂબી જાય ના
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના.

સ્વારથનું સંગીત ચારેકોર ગાજે
કોઇ નથી કોઇનું દુનિયામાં આજે

તનનો તંબૂરો જો જે બેસૂરો થાય ના.

પાપ ને પુણ્યના ભેદ રે ભૂંસાતા
રાગ ને દ્વેષ આજે ઘર ઘર ઘૂંટાતા

જો જે આ જીવતરમાં ઝેર પસરાય ના.

શ્રદ્ધાના દીવડાને જલતો જ રાખજે
નિશદિન સ્નેહ કેરૂં તેલ એમાં નાંખજે

મનના મંદિરે જો જે અંધારૂં થાય ના !

☆

# ઝેરનું મરણ



વગડાની વાટે વળતાં વીરને લોકે ઘણું સમજાવ્યું
જાશો મા, પ્રભુ, ત્યાં ગયેલું કોઇ પાછું નથી આવ્યું!
કાળની સામે ફાળ ભરો મા, કોઇ હજી નથી ફાવ્યું!
એમ ડરીને પાછાં ફરે તો મહાવીર કોનું નામ?!
હિંસા નથી જેના હાડમાં એને ડરવું પડે શું કામ?
ભીરુતા હરવા, નિર્ભયતાનું તેજ નવું પ્રગટાવ્યું.

નાગનું મંગળ વાંચ્છી પ્રભુએ
જંગલમાં ડગ માંડ્યાં
દૂરથી માનવીની ગંધ પારખી
ખૂબ ફૂંફાડા માર્યાં!
મોતને રસ્તે, મક્કમ પગલે હસતે મુખે ઝંપલાવ્યું!

વીરને સામેથી આવતાં ભાળી
નાગ દોડ્યો ધસમસતો
ઝેર ભર્યાં કંઇ ડંખ દીધાં પણ
કેમ નથી આ ખસતો?!
કરુણા આણી વીર પ્રભુએ વેણ મીઠું સંભળાવ્યું!

જાદુ ભરેલા કોઇ મદારીની
જાણે મોરલી વાગી

નાદ સુણીને નાગનો આતમ
પળમાં ઊઠ્યો રે જાગી !

ઝેરનું મારણ ઝેર નહિ પણ પ્રેમ થકી અજમાવ્યું !

જ્ઞાનની જ્યોતે ચંડકોશિનો
જીવનદીપ જલાવ્યો

વેર ને ઝેર મીટાવી દીધાં ને
મુક્તિનો પંથ બતાવ્યો;

એ પંથમાંથી પણ કોઈ પાછું સંસારમાં નથી આવ્યું !

☆

વેરથી વેર શમે નહિ જગમાં
પ્રેમથી પ્રેમ વધે જીવનમાં.

# હૈયાધારણ

મેં તો તારું નામ લઈને નાવ મૂકી મઝધાર
તારનારો તું બેઠો છે પછી ફીકર શી તલભાર !

આંધી ભયંકર આવે ભલે ને
છો ને તોફાન સતાવે

છો ને ભીષણ વાદળના દળ
ગાજી ગાજી ગભરાવે !

ઘોર અંધારાં આભમાં છો ને વીજ કરે ચમકાર !

મસ્ત બની છો ને ઉછળે મોજાં
છો ને આ સઢ છૂટે

છો ને ભયાનક થાય કડાકા
નાવ ભલેને તૂટે

હૈયાધારણ એટલી છે કે તારો છે આધાર !
તારનારો તું બેઠો છે પછી ફીકર શી તલભાર !

☆

# શાશ્વત સુખ

અવનિ ઉપર આથડું નથી કોઇ સંગાથ
પંથ ભૂલ્યો છું હે પ્રભુ, ઝાલજે મારો હાથ
પૃથ્વી ઉપર પુણ્યવંત નામ છે પારસનાથ
પાપીને પાવન કરે એજ દીનોનો નાથ.

☆

જગમાં પારસમણી સમાન
એકજ પ્રાર્શ્વનાથ ભગવાન.
જેને પ્રાણી માત્ર સમાન.

કથીરને કાંચન કરનારી
પતીતને પાવન કરનારી
પ્રેમ નીતરતી આંખડીયોમાં ઝરતું અમૃત પાન.

એને ભજતાં ભવદુઃખ નાસે
સંચરતું શાશ્વત સુખ પાસે
એણે આ સંસારને દીધું સાચું સમ્યકજ્ઞાન.

અંતરનાં અંધારાં હરજે
તારી દયાનો દીવો ધરજે
દેખી શકીયે તુજને એવું દેજે દષ્ટિદાન !

☆

# મુક્તિની પગથારે

કુંજ કુંજ કોયલિયાં બોલે
મસ્ત બની મોરલિયાં ડોલે

વન–ઉપવનમાં વસંત કેરી ખીલી રહી બહાર
પ્રભાવતીની સંગે નીસર્યા પાર્શ્વકુમાર,

આંબલિયાની ડાળે ડાળે
સરવરિયાની પાળે પાળે

ઋતુની રાણીના રણકે ઝાંઝરના ઝણકાર
પ્રભાવતીની સંગે નીસર્યા પાર્શ્વકુમાર,

'રાણી સાથ વસંતમેં વન ભીતર પેઠે
પ્રસાદ સુંદર દેખ કે ઈહા આકર બેઠે'

ચિત્રો નીરખે જાતજાતના
દશ્યો ચમકે ભાતભાતના

રૂપે રંગે શોભી રહ્યો છે ચિત્રોનો શણગાર
પ્રભાવતીની સંગે નીસર્યા પાર્શ્વકુમાર.

'રાજીમતિ કો છોડ કે નેમ સંયમ લીના
ચિત્રામણ જિન જોય તે વૈરાગે ભીના'

નેમનાથનું ચિત્ર અનેરૂં
જોઇ જાગ્યું પ્રાણ પંખેરૂં

સંયમ પંથે સંચરવાનો કરી દીધો નિરધાર!

'નિજ ઘર આયે નાથજી પિયા ખિણ ખિણ રોવે
માતપિતા સમજાય કે દાન વરસી દેવે'

પાર્શ્વકુમારે સઘળું ત્યાગી
અનેકને કીધાં વૈરાગી

જગજનના હૈયામાં એનો ગાજે જય જયકાર
મુક્તિની પગથારે નીસર્યા પાર્શ્વકુમાર.

☆

ભડભડતી આગથી નાગને ઉગાર્યો
નયનોથી વરસાવી નેહ

સંસાર તાપે હું યે બળું છું
ઉગારો લાવીને સ્નેહ.

# પ્રાણુથી યે પ્યારાં

દ્વારિકા નગરીનો કુંવર
નારી લેવા નીસર્યો પણ,
પશુના પોકારો સુણતાં ચાલ્યો રે ગીરનાર !

માંડવે આવીને પહેલાં
રડતાં પશુને છોડ્યાં
પરણ્યાં વિના એ ચાલ્યો મુગતીને પગથાર !

કૂણા એના કાળજામાં કરુણાની ધારા
એને તો પ્રાણી માત્ર પ્રાણુથી યે પ્યારાં.

પોતાના સુખ માટે
પારકાંને દુઃખ દેવું,
પાપથી ભરેલો એ તો સ્વારથી વિચાર !

રાજુલની પ્રીત સાચી જનમો જનમની
અમર કહાણી એ તો અહિંસા ધરમની !

જીવદયાનો સાચો
દિવ્ય સંદેશો દઈને
મોક્ષે સીધાવ્યાં રાજુલ—નેમકુમાર !

☆

# ભિક્ષા ને દીક્ષા

ઓલી ચંદનબાળાને બારણે
પ્રભુ આવી ઉભા છે પારણે
એનું જીવતર ધન્ય ધન્ય થાય.

એના દુઃખના દા'ડા વીત્યા રે
એણે દર્શન દેવનાં કીધાં રે
એનું જીવતર ધન્ય ધન્ય થાય.

પાંચ પાંચ માસના ઉપવાસ માથે
પચ્ચીસ દિવસનાં વ્હાણાં વાયાં

ઘેર ઘેર ઘૂમતાં તો યે પ્રભુને
ભોજન મળે ના મનમાન્યાં

કોઈ મોદક મીઠા લાવતાં
કોઈ પકવાન પ્રેમે આપતાં
તો યે પ્રભુજી પાછા જાય!

મેવા–મીઠાઈ પડતાં મૂકીને
લીધા અડદના બાકળા

બંધન તૂટ્યાં જનમોજનમનાં
અંતરના ઉઘડ્યા આગળા!

એની ભિક્ષા પ્રભુએ લીધી રે
અને આશીષ ઉરની દીધી રે
એનું જીવતર ધન્ય ધન્ય થાય.

રાજપાટ છોડીને રઝળેલી કુંવરીનું
કિસ્મત ફરીથી ઉઘડી ગયું

ભિક્ષા દીધી ને દીક્ષા લીધી
એનું જીવતર અનેરું ઉજળી રહ્યું !

એણે મારગ વીરનો લીધો રે
અને મનખો ઉજ્જવળ કીધો રે
એનું જીવતર ધન્ય ધન્ય થાય.

☆

દુનિયાના લોક સાથે મળતો ના મેળ મારો
પૃથ્વીના પટમાં તારો પ્રેમનો પંથ ન્યારો.

# પગલે પગલે

નેમનાથને પગલે પગલે રાજુલ આવી રે
ભવોભવના સ્વામીની સંગે સતી સીધાવી રે.

લગ્ન તણી વરમાળ તોડીને
માતપિતા ઘરબાર છોડીને
સંયમના શણગારે એણે કાયા સજાવી રે.

સુખ નહિ લાધ્યું સંસારે
આથડવાનું છે અંધારે
ઉજળા જીવન કેરી એણે જ્યોત જલાવી રે.

રહનેમી દીયરજી એના
તપ કરતાં પણ રાગ તજે ના
દીયરના દિલડાને ભાભી રહી પલટાવી રે.

નેમનાથ ને રાજુલ કેરી
સાચા દિલની પ્રીત અનેરી
દીવ્ય–પ્રેમની અમર કહાણી રહી સુણાવી રે.

☆

# નિર્વૈરી

જગનો તારણહાર જોગી જંગલમાં જાય
મંગલ કરવાને કાજ
સંયમના સજી સાજ
જંગલમાં જાય

વાઘ–વરુ–સિંહનાદ ભીષણ ગર્જના કરે
નિર્વૈરી વર્ધમાન વનવગડે વિચરે
શાંત મુખ દેખી પ્રભુ
હિંસક આ પ્રાણી સહુ
વેર ઝેર ભૂલે એવા જંગલમાં જાય.

કોઇ નથી મિત્ર એનું કોઇ શત્રુ ના મળે
સ્નેહભીનું સંગીત સૌ પ્રાણી માત્ર સાંભળે
ભેદભાવથી રહીત
સ્નેહભાવના સહીત
લોકહીત હૈયે ચહી જંગલમાં જાય.

ભૂખ–દુઃખ–ટાઢ–તાપ નહિ રે સંતાપતાં
વેદના વ્યથાની કથા નહિ રે વિલાપતાં
સત્યની જ સાધના
અસત્યની વિરાધના
મોક્ષ–કામના કરીને જંગલમાં જાય.

☆

# માલકૌંસ

મધુર રાગ માલકૌંસમાં વહેતી
તીર્થંકરની વાણી

માનવને નવજીવન દેતી
તીર્થંકરની વાણી.

ધીર ગંભીર સ્વરોમાં સોહે
સુરવર મુનિવર સૌએ મોહે
શબ્દે શબ્દે પ્રગટ થતી જ્યાં સ્નેહતણી સરવાણી.

વાદી ષડજ, મધ્યમ સંવાદી
વાત નથી કોઇ વિષમ–વિવાદી
સાદી ભાષા, શબ્દ સરળતા સહુને ઝટ સમજાણી!

સા ગ મ ધ ની સાની સરગમ
ચાહે સહુનું મંગલ હરદમ
પત્થરના હૈયાને પળમાં કરતી પાણી પાણી!

તીર્થંકરની વાણી.

☆

# ભૂલામણી

અમે રાગદ્વેષથી રંગાયાં
ને ક્લેશ ભરેલી અમ કાયા
મદ–મત્સર ને માયામાંથી મૂક્ત કરો જિનરાયા !

અમે વેરઝેરમાં જકડાયાં
ને ઠેર ઠેર ભટકાયાં
મદ–મત્સર ને માયામાંથી મૂક્ત કરો જિનરાયા !

ધર્મ–કર્મ ને ભેદ ભરમની
ભૂલામણીમાં ભટકયાં

અગમ નિગમનું જ્ઞાન મળે ના
અધવચ્ચે જઇ લટકયાં!

અમે કામક્રોધથી કચડાયાં
ને લોભ મહીં લપટાયાં
મદ–મત્સર ને માયામાંથી મૂક્ત કરો જિનરાયા !

દુઃખમાં સુખની કરી કલ્પના
દુખિયારાં થઇ ફરતાં

ભવોભવ કેરી ભૂખ ન ભાંગી
ભ્રમણામાં ડગ ભરતાં.

અમે અંધકારમાં અથડાયાં
ને અજ્ઞાને અટવાયાં
મદ–મત્સર ને માયામાંથી મુક્ત કરો જિનરાયા !

આત્મ–શક્તિને નહિ ઓળખી
શરીર સુખમાં રાચ્યાં

વીતરાગની ભક્તિ વિસારી
વિષય રંગમાં નાચ્યાં !

પ્રીતપંથ ના પરખાયાં
ને ગીત ગર્વનાં ગાયાં
મદ–મત્સર ને માયામાંથી મુક્ત કરો જિનરાયા !

ભવસાગરમાં ડૂબતાં કંઈયે તરી ગયાં તુજ નામે
પાપી થાતાં પલકવારમાં પુણ્યશાળી તુજ નામે

# આદર્શ દંપતિ

પગલે પતિને ચાલ્યાં રાજીમતિ
એ તો સંયમથી શોભી રહ્યાં સાધ્વી સતિ.

લગનને માંડવે વઘન આડું આવ્યું
ગગનેથી જાણે અગન વરસાવ્યું!
મલકંતી માનુનિની મૂંઝાઇ મતિ.

લાલ લાલ ચુંદડીનો રંગ લાગ્યો કાચો
ભવોભવના સ્વામીનો સંગ લાગ્યો સાચો
કોણ જાણે કેવી હશે કાળની ગતિ?

આતમની પ્રીત કેરૂં ગીત એણે ગાયું
ઝેર ભર્યાં જગને અમૃત એણે પાયું
દુનિયામાં આદર્શ આ દંપતિ!

☆

# એકતારો

તુંહી તુંહી બોલે રે મારો એકતારો
બીજો કોઇ શબ્દ એને લાગે છે અકારો

મારો એકતારો ગુંજે છે હરદમ
તારા સ્નેહ કેરી સુણાવે છે સરગમ
વહે છે પ્રવાહ એનો સદા એકધારો.

ગજાવે છે મહીમા તારો એના સ્વરે સ્વરે
જગાવે છે પ્યાર તારો સહુ ઉરે ઉરે
ખીલાવે છે અંતરબાગે પ્રીત કેરો ક્યારો.

એના તારનો છે ઝંકાર ન્યારો
ડૂબી જાય એમાં સંસાર સારો
જનમો જનમનો આવે છે આરો.

☆

# ધિંગાણાં

જીવનમાં મચ્યાં છે એવાં રે ધિંગાણાં
કેમ કરી ગાઉં હું તો પ્રભુ તારાં ગાણાં?

ડગલે ને પગલે પાણા ખડકાણાં
કેમ કરી ગાઉં હું તો પ્રભુ તારાં ગાણાં?

નથી કોઇ શત્રુ મારે આ દુનિયામાં
ખરા દુશ્મનો તો દિલમાં છુપાયાં

લડતો રહું છું નિરંતર ઝઝુમી
છતાં દુશ્મનો તો જરી ના જીતાયાં!

કલેજે પડ્યાં છે એવાં કંઇ કાણાં—

રાગથી રીઝું ને દ્વેષથી ખીજાઉં
ક્રોધ–માન–માયા–લોભે સદા લપટાઉં

પ્રશંસા સુણીને ફુલ્યો ના સમાઉં
નિંદા કરે તો અતિ અકળાઉં!

વિષય રંગરાગે વહી જાય વ્હાણાં—

જીતું નહિ કદાપી, સદા હાર પામું
છતાં જાતને હું 'જૈન' જ કહાવું!

મમતા ન મૂકું જરીયે, સમતા ન સાધું
છતાં ગર્વથી હું 'શ્રાવક' ગણાઉં!

ભોગથી ભર્યાં છે ભરપૂર ભાણાં
કેમ કરી ગાઉં હું તો પ્રભુ તારાં ગાણાં?

☆

સૂનું મારું મનમંદિર આ એકદિન ઉજ્વળ થાશે
એકદિન તારાં પ્રેમ ભરેલાં પાવન પગલાં થાશે.

# પિંજરનું પંખી

તારણહાર જાણી તુને આવ્યો તારી પાસ રે
કોક દી' પ્હોંચીશ હું કિનારે એટલી અભિલાષ રે.

પૂરેપૂરા બંધનમાં છું પિંજરાનું જાણે પંખી
આજ ભલે લાચાર છું તો યે મુક્તિ રહ્યો છું ઝંખી
સુખને સારૂં વલખાં મારૂં અંધારૂં ચોપાસ રે.

કડવાં ફળ ચાખું છું તો યે થઇ જતો હું ક્રોધી
લોભ ને લાલચ આજ રહ્યાં છે મારગને અવરોધી
આજ મારે પગથાર પ્રભુજી પાથરજે પ્રકાશ રે.

જીવતરની આ ધરતી ઉપર આવે તડકા–છાયા
પળમાં અગન, પળમાં શીતળ, એ તો બધી છે માયા
માગું છું હે દીનદયાળુ, ચરણે દેજે વાસ રે.

☆

# શું માંગીએ ?

અમે રંગરાગના રાગી
અમે અંગ અંગ અનુરાગી
તારી કને શું માંગીએ રે વીતરાગી ?

અમે નથી તૃષ્ણારે ત્યાગી
અને નથી લગન કંઇ લાગી
તારી કને શું માંગીએ રે વીતરાગી ?

સો–હજાર કે લાખ કરોડો મળે તોય નહિ શાંતિ
સોનું–રૂપું–હીરા હોય પણ દિલમાં સદા અશાંતિ !
નીંદરમાં પણ દ્રવ્ય દેખીને ઝબકી જઇએ જાગી !

રાજપાટ ને ખાટ સુંવાળા બધું હતું તુજ પાસે
લાડી વાડી ને ગાડી કેરા વૈભવ ભર્યાં વિલાસે
સાચું પૂછે તો અમે માંગીએ તેં જે દીધું ત્યાગી !!

મોક્ષનગરનો પંથ મૂકીને મોહનગરમાં વસીએ
અર્થ વગરનું જીવન અમારૂં, અર્થ વગરનું હસીએ
સ્વાર્થભરેલાં શમણાં કેરી ભ્રમણાં દેજે ભાંગી !

☆

# વ્હાલપની વેણુ

વ્હાલપની વેણુ વગાડી, ઓલ્યા વીરે
વ્હાલપની વેણુ વગાડી.
જુગજુગની નીંદરું ઉરાડી, ઓલ્યા વીરે,
વ્હાલપની વેણુ વગાડી.

અવળે મારગડે જાતાં હતાં તેં
જોગી ભોગીને કીધાં ભેળાં !

નોખાં થયેલાં માનવીના
મનડાંના કીધાં મેળાં !

ભવભવની ભીતિ ભગાડી, ઓલ્યા વીરે
વ્હાલપની વેણુ વગાડી.

રોતાં કકળતાં દુખિયારાં લોકનાં
એણે આંસુ લ્હોયાં

પતિતને પણ પાવન કરીને
પાપીનાં પાપ સહુ ધોયાં

આતમની જ્યોતિ જગાડી, ઓલ્યા વીરે
વ્હાલપની વેણુ વગાડી.

ભડભડતી હિંસાની હોળીની આગમાં
છાંટયું અહિંસાનું પાણી

ઝેરનું મારણ કીધું તે પ્રેમથી
દીધી અમૃતની ઉજાણી,

મુક્તિની લગની, લગાડી બોલ્યા વીરે
વ્હાલપની વેણુ વગાડી.

☆

જ્યોતિર્ધર હે જિનવર તારી જોડ જડે નહિ જગમાં
માગું છું કે તારા નામની રઢ લાગે રગરગમાં

# પ્રીતની પરાગ

હો મને વસમો લાગે છે વૈરાગ
મારે રોમે રોમે રમતો અનુરાગ.

નશ્વર છે કાયા
ને નશ્વર છે માયા

જાણું છતાં પણ મા'ણું
શાશ્વતછે આ પંથ પ્રભુનો

પેખું છતાં ના પિછાણું!
મારો ઉજડ્યો અંતરનો બાગ.
રંગબેરંગી શમણામાં રાચું

ભ્રમણામાં નાચું
મિથ્યા છતાં યે માનું છું સાચું

ઉજડેલા અંતરના બાગમાં પ્રભુજી,
પ્રગટાવો પ્રીતની પરાગ.

☆

# જીવનનૈયા

મારી જીવનનૈયાનું તને સોંપ્યું છે સુકાન
એને પાર લગાવી દે હે ભગવાન!

ઘડી ઘડી મુંઝવે છે આંધી ને તોફાન
એને પાર લગાવી દે, હે ભગવાન!

નાવ પુરાણી મારી ડગમગ ડોલે
તોફાની વંટોળિયો ચઢાવે એને ઝોલે
જાવું છે દૂર દૂર પંથ છે અજાણ—

ઘેલો થઈને પેલો મહેરામણ ઘૂઘવે
આભલાને આંબવાને મોજાંઓ ઉછળે
ઘેરૂં છે અંધારૂં જરી દીસે ના ભાણ—

જીવન વીતાવું તારી આશાને સહારે
ડૂબવા માંડે તે પહેલાં લઈ જા કિનારે
આટલી વિનંતિ મારી ધરજે તું કાન—

☆

# તારે શરણે

નથી કોઇ નિરાશ થયું પ્રભુ, તારે શરણે આવી
નથી કોઇનુ દુઃખ રહ્યું પ્રભુ, તારે શરણે આવી.

સુખદુઃખ છે સંસારની માયા
ઘડીક તડકો ઘડીક છાયા

થાક્યાં–પાક્યાં–દીન દુખિયાંનો તું સાચો વિશ્રામ
બળ્યાં–જળ્યાં સૌ તારે ચરણે પામે છે આરામ
દાઝેલાનું દિલ ઠર્યું પ્રભુ, તારે શરણે આવી.

મોટાં મોટાં મુનિવર ભૂલ્યાં
ત્યાગી થઇને રાગે ફૂલ્યાં

અરણિક—આર્દ્ર—અષાઢાભૂતિ નંદીષેણ ફસાયાં
સંત થઇને પંથ ચૂક્યાં પણ પછી ખૂબ પસ્તાયાં
પાછું જીવન સફળ કર્યું પ્રભુ તારે શરણે આવી.

સ્થૂલિભદ્ર ને કોશા નારી
વિલાસમાં ફૂલેલાં ભારી

આંખ ઊઘડતાં એજ ક્ષણે સ્થૂલિભદ્ર તજે સંસાર
અરિહંતનું નામ લઇને થયા સંત અણગાર.
નામ એમણે અમર કર્યું પ્રભુ, તારે શરણે આવી.

☆

# લખ્યા લેખ

વરણાગી થઇને આવ્યાં હતાં તે
વૈરાગી થઇને જાય

પ્રેમી બની જે આવ્યાં હતાં તે
જ્ઞાની બનીને જાય.

શરણાઇના સ્વર વાગી રહ્યાં ને ગાઇ રહ્યાં નરનાર
વરણાગિયા થઇને વરરાજા આવે રે નેમકુમાર
વાટડી જોતી બેઠી છે રાજુલ હૈયામહીં હરખાય.

ત્યાં તો કારમી ચીસો પડી ને આવ્યો પશુનો પોકાર
પોતાને કારણ હિંસા થતી એમ સાંભળે નેમકુમાર
જાનને પાછી વાળી દીધી ને તોરણથી વર જાય !

નેમજીને તો ન્હોતું પરણવું એમાં મળ્યું આ બ્હાનું !
સંસારીને બદલે સંન્યાસી લખ્યું લલાટે થવાનું
ભોગી બનીને આવ્યાં હતાં તે જોગી થઇને જાય !

☆

# નયણાંની બિછાત

હે પરમાતમ્ આતમ મારો ઝંખે દિવસ રાત
છાઇ છે અંધારી રજનિ ક્યારે થશે પ્રભાત?

પ્રેમતણાં સુકોમળ પુષ્પો
આજ રહ્યાં કરમાઇ
મનડાની મોતીની માળા
આજ રહી વિખરાઇ

કરી રહ્યો છું તારે ચરણે નયણાંની બિછાત!

હર્ષ શોકને હીંડોળે બેસી
ઝૂલતો અહીં તહીં
ડાળ વછૂટીને વછૂટ્યો હીંડોળો
ભ્રમણાઓ રહી અહીં તહીં!

મુઠ્ઠીભર મુજને દેવામાં તારે શી વિસાત?!

☆

# પ્રીતના ગીત

પ્રભુ તારી પ્રીતના ગાઉં છું ગીત
મીઠાં મીઠાં સ્વરથી સુણાવું સંગીત.

હે જ્યોતિર્ધર જિનવર તારી
જોડ જડે નહિ જગમાં

તારી પ્રેમ-સુવાસ સદા યે
વ્યાપી રહે રગરગમાં

મારું મન તુજથી થાય ના ચલિત.

તારા પ્રેમનો અખંડ-દીવડો
પ્રગટાવ્યો અંતરમાં

તારી પ્રેમળ-જ્યોત સદાયે
ઝગમગતી રહે જગમાં

તન મન જીવન કરો વિકસીત.

☆

## કેમ વિસારૂં ?

કેમ વિસારૂં આદિશ્વરને જ્યાંલગી શ્વાસોશ્વાસ !
હે વિમલાચલવાસી મારે હૈયે કરજો વાસ.

શ્વાસે શ્વાસે સમરૂં સ્વામી
જીવનના આધાર

રોમે રોમે તારા નામનો
વાગી રહે રણકાર,

આ અંતરના વાજિંતરમાં એ એક જ અભિલાષ.

ભાવ થકી હું ભક્તિ કરૂં છું
જો જે હે ભગવાન !

હે ગુણવંતા, ગાઇ રહ્યો છું
તારા સદા ગુણગાન,

ઉગારજે ભવસાગરમાંથી એટલી રાખું આશ.

☆

# વીર–જન્મ

ઘર ઘરમાં આનંદ છવાયો
ઘર ઘરમાં આનંદ.

ત્રીશલા માતા કુખે જનમિયો, જાણે પૂનમનો ચંદ !

ઘરને ગોખે દીવા પ્રગટિયા
કેસર–કંકુ રંગ ઊઘડિયાં

ધરતી કેરા અંતરતલથી પ્રસરી ધૂપ–સુગંધ.

કુંજ કુંજ કોયલ કલ્લોલે
મસ્ત બની મોરલિયાં ડોલે
રંગબેરંગી ફુલડાં કેરાં
હૈયાં ચઢ્યાં હિલોળે !

મંજુલ કંઠે, મીઠાં ટહુકે ગાયે પંખીવૃંદ.

સરખી સહેલી, થઇને ઘેલી
રુમઝુમ રુમઝુમ નર્તન કરતી,
ગજવે રૂડા આંગણાં.

હસી હસીને
લળી લળીને

ધન્ય ધન્ય કહી ત્રીશલા માને
આપે છે વધામણાં !

અંગે અંગે
અતિ ઉમંગે

નરનારી નિજ બાળક સંગે
થનગન નાચે તાલ મૃદંગે

ગાતાં મધુરાં છંદ
ઘર ઘરમાં આનંદ.

☆

કંઇ કંઇ વેળા પંથ ભૂલીને ભટકું દૂર દૂર જ્યારે
અણજાણ્યું કોઇ આવી મુજને મૂકી જતું પગથારે.

# હૈયાની વાત

સાંભળજો મારા હૈયાની વાત
દૂર કરો પ્રભુ દુઃખડાંની રાત.

લાગે છે લગની માયા નગરની
નાચે છે મનડું મારું

દીવાની વાટને બુઝાવી દઈને
હાથે કર્યું અંધારૂં !

પ્રગટાવી દ્યો પ્રભુ નમણું પ્રભાત.

ફુલડાં ઉખેડી કાંટાઓ રોપ્યાં
વાડી કરી છે વેરાન.

વાવેલાં કંટક ઊગી રહ્યાં છે
હવે થયો છું હેરાન !

જ્યોતિ બતાવો હે જગતાત !

# કથીરમાંથી કાંચન

પારસનાથને પૂજતાં રે ભવોભવના દુઃખ જાય
પારસમણીને સ્પર્શતાં રે કથીર કાંચન થાય.

જીવન જેનું પર ઉપકારી
કંઇક જીવોને લીધાં ઉગારી

ગુણ પ્રભુના ગાવતાં રે ઘર ઘર મંગળ થાય.

બળતાં ને શીતળતા આપે
જન્મ-મરણની જાળને કાપે

ભાવે ભાવના ભાવતાં રે, ભવથી તરી જવાય

મોક્ષ નગરનો માર્ગ બતાવે
પ્રેમનો સંદેશો સંભળાવે

ધ્યાન ધરીને ધ્યાવતાં રે પદ નિર્વાણ પમાય.

☆

# ખીલા ઠોકાણાં !



ખીલા ઠોકાણાં વીરના કાનમાં
ઓલ્યો ભૂલ્યો ભરવાડ રે અજ્ઞાનમાં !

આંખડી ઢાળી આતમધ્યાને
ઉભા રહ્યા પ્રભુ વીર

'બળદ અમારા સાચવજે અલ્યા–
જોગીડા તું લગીર !'
હા કહી ના, ના કહી ના, વીર ઊભા
નિજ ધ્યાનમાં !

બળદ બિચારા ચરવા ચાલ્યા
નીકળ્યા દૂર ને દૂર

ભાળ્યા નહિ ભરવાડે જ્યારે
ક્રોધે ભરાયો ભરપૂર,

'કાન બળ્યા છે કે ખાલી કાણાં ?
સમજાતું અબઘડી સાનમાં !!'

ખીલા ભારી, લાગ્યો રબારી ઘાલ્યા પ્રભુને કાન
દુઃખ પડયું પણ દ્વેષ ન પ્રગટ્યો સમતા ધરે ભગવાન
પ્રાણી માત્રમાં એકજ સરખો પ્રેમ વસે છે જેના પ્રાણમાં !

ધ્યાન પૂરું થયે મહાવીરસ્વામીએ
માંડ્યો ફરીથી વિહાર

મુખ પર શાંતિ દીસે છતાં પણ
તનમાં દુઃખ અપાર

કોઇ ભાવિકે જોઇ લીધું આ આવી હકીકત જાણમાં-

વૈદ તેડાવ્યા, ખીલા કઢાવ્યા
પીડા થઇ ગઇ દૂર

ચીસ પડી ગઈ મોટી પ્રભુથી
પડઘા પડ્યા દૂર દૂર

મહાન ગિરિવર ધ્રૂજી ઉઠ્યા પણ વીર ઉભા નિજ સ્થાનમાં !

☆

વીતરાગી મહાવીરે ગીતો વિશ્વપ્રેમનાં ગાયાં
સૌને મળતી વ્હાલભર્યાં વડલાની શીતળ છાયા.

# કંચન અને કથીર

કંચન કેરી કિંમત જ્યારે કસોટીએ અંકાય
એમજ સાચા સંતની અગ્નિ-પરીક્ષા થાય!

☆

## મહાવીરને પણ મળ્યો ગોશાળો!

એક વખત જે ભક્ત હતો તે પછી ભાંડતો ગાળો!

શિષ્ય હતો ત્યારે સાથે ફરતો, સુખદુઃખ સાથે સહેતો
કંઇ કંઇ વેળા ટાઢ-તાપમાં ભૂખ્યો-તરસ્યો રહેતો
વીરની સાથે વનવગડામાં વિચરતો પગપાળો.

ગુરુની સાથે રહી ગોશાળે ઘણું મેળવ્યું જ્ઞાન
જ્ઞાન નહિ જીરવાયું ત્યારે ઉભરાયું અભિમાન!
વીરની જેમ સર્વજ્ઞપણાનો કરવા માંડ્યો ચાળો!

સંત મહાત્મા થઇને બેઠો
સંઘ સ્થાપના કીધી
વીરની સાથે હરીફાઇની
એણે ચેષ્ટા કીધી!

મુજથી મોટો કોણ છે જગમાં વધુ જાણવાવાળો?

ફરતાં ફરતાં એક દિવસ ત્યાં મહાવીરસ્વામી આવ્યા
લડાઇના રસિયા લોકોએ અંગારા સળગાવ્યા !
ગર્જન્તો ગોશાળો આવ્યો ભરતો મોટી ફાળો !

વાદવિવાદે વીફરેલો એ ભાન ભૂલીને બોલે
મૌન ધરીને મહાવીર ત્યારે મુખ જરી ના ખોલે
ઉશ્કેરાયા વીરના સાધુ સહન થઇ નહિ ગાળો !

ગુરુએ શીખવાડેલી વિદ્યા
ગુરુ ઉપર અજમાવે

ભીષણ તેજોલેશ્યા છોડી
જ્વાળાઓ પ્રગટાવે

વીરની ચારેપાસ ફૂંદડી ફરતી આગની ઝાળો !

આગ ન અડકી વીરને અંગે
ગોશાળાને બાળે

હાથે કર્યાં તે હૈયે વાગ્યાં
ચીસો કારમી પાડે !

બળીજળીને ઘોર ઘમંડી થયો કોલસો કાળો !

આટ આટલું વીત્યું છતાં પણ
વીરે સમતા ધારી

મૃત્યુ ટાણે ક્ષમા કરીને
દીધી શિખામણ સારી

આવા જ્ઞાની ગુરુ હતા ને આવો હતો ગોશાળો !

મહાવીરને પણ મળ્યો ગોશાળો !

☆

વીરનું શાસન વિશાળ છે
આ પૃથ્વી પર પ્રાણીમાત્રને પ્રેમ શિખવતી નિશાળ છે.

# આશ્વાસન

શીદને આંસુ સારે, લાડકી ?
નેમ ગયા તો છોને ગયા, શીદ હવે સંભારે ?

દીકરી કદી ના રહેતી કુંવારી
બીજા વરની કરૂં તૈયારી !
શીદને હિંમત હારે ?

દીકરી મનમાં ચિંતા કરીશ મા
નેમ ગયાનો શોક કરીશ મા
શીદ શણુગાર ઉતારે ?

નેમથી અધિકો વર પરણાવું
મંગળગીતો ફરી ગવડાવું
વાર નથી કંઇ લગારે !

માડીને હૈયે હોંશ ઘણેરી
દીકરી કેરી આશ અનેરી
સુખી રહે સંસારે !

☆

## નિરધાર

શીદને હવે સમજાવે, માવડી !
ગઈ પળ હાથ ન આવે !

આર્ય સતિનો મહિમા જગમાં
એક પતિ હોય એકજ ભવમાં
શીદને પાપ કરાવે ?

મંગળફેરા છોને ફર્યા નહીં
છોને એઉના હાથ મળ્યા નહીં
હૈયું શાખ પૂરાવે !

માડી બીજાનું નામ લઈશ મા
દીકરી દુઃખી છે એમ કહીશ મા
વ્યર્થ હવે તું મનાવે !

નેમજી મારા અંતર્યામી !
આ ભવ નહીં પણ ભવોભવ સ્વામી !
પંથ નવો બતલાવે.

☆

# વીર નિર્વાણ

અમાસની અંધારી રાતે મહાન જ્યોત બુઝાઇ
ધરતી પર અંધકાર છવાયો, માનવ ગયાં મુંઝાઇ,
ત્યાં તો ગાજ્યાં દેવ દુદુંભિ, દિવ્ય વાણી સંભળાઇ
'આનંદો હે લોક પૃથ્વીના, વીરે મુક્તિ પાઇ!!'

☆

જ્યોતમાં જ્યોત મળી ગઇ જ્યારે
રાત થઇ ગઇ કાળી

ઘર ઘરમાં દીવડા પ્રગટાવ્યા
અંતરને અજવાળી,
એનું નામ દિવાળી

પાવાપૂરીમાં પ્રભુએ જ્યારે
છેલ્લી આંખડી ઢાળી

દેવ દુદુંભિ થયા ગંગનમાં
તારક-દીપ પ્રજાળી
એનું નામ દિવાળી.

આસો માસને અંતે રે ભગવંતે કર્યું પ્રયાણ
નાશવંત આ દેહ તજીને પામ્યા પદ નિર્વાણ!

ધરતી પરનો સૂર્ય આથમ્યો
દિશા થઇ અંધિયારી.........ઘર ઘરમાં

અંતિમ ઘડીએ ગુરુ ગૌતમને
દૂર કર્યા ભગવાને

મોહ રૂપી અંધકાર ટળ્યો ને
ઝળક્યા કેવળજ્ઞાને !

જીવન ને મૃત્યુથી જેણે
જગને દીધું ઉજાળી.........ઘર ઘરમાં

પચ્ચીસો વરસો વીત્યાં પણ
જ્યોત હજી ઝગમગતી

જુગ જુગ સુધી રે'શે દુનિયા
દીપાવલી ઊજવતી !

પરમ પાવની પ્રેમળ–જ્યોતિ
દેતી પાપ પખાળી.
ઘર ઘરમાં દીવડા પ્રગટાવ્યા
અંતરને અજવાળી
એનું નામ દિવાળી !

☆

# જીવનશુદ્ધિ

ઝેરમાં જીવનારા લોકો અમૃત ક્યાંથી જાણે ?
રાગદ્વેષમાં ડૂબેલાંઓ ક્યાંથી પ્રેમ પિછાણે ?

પ્રેમધર્મના પાયા પર
મંડાયું શાસન વીરનું

'મૈત્રી હોજો પ્રાણી માત્રથી
સૂત્ર પ્રભુ મહાવીરનું'

ક્યાંથી સમજે મર્મ ધર્મનો જે ડોલે અભિમાને ?

ધર્મ નથી સમજાયો તેથી વાતવાતમાં લડીએ
'વેર મઝઝં નકેણઇ' કહીએ ને તોય ઝઘડીએ !
પ્રકાશ પામે ક્યાંથી જેઓ અંધ બન્યા અજ્ઞાને !

ધર્મ જિનેશ્વરનો માગે છે
સાચી જીવનશુદ્ધિ

કરી કરુણા હે દીનબંધુ,
દૂર કરો દુર્બુદ્ધિ

મદ મત્સરમાં મસ્ત બનેલા ક્યાંથી મુક્તિ મા'ણે ?

☆

# પીડ પરાઇ જાણી

## પીડ પરાઇ જાણી

વાજતે ગાજતે નેમજી આવ્યા લેવાને વહુરાણી
પિંજરે પૂર્યાં પશુઓ કેરી ચીસ કાળી સંભળાણી !

જાન શોભાવી જાતે જઇને મુક્ત કર્યાં સહુ પ્રાણી
મૂક પશુઓના મુખ પર ઘેરી વેદનાઓ વંચાણી.

પોતાના સુખમાં જીવતર બીજાનાં, થઇ જતાં ધૂળધાણી
એમ જાણી નેમ પાછા ફર્યાં ને જાન બધી વિખરાણી !

કોડ ભરેલી રાજુલનું પણ લીધું દુઃખ પીછાણી
સંસારી બંધન તોડીને બંને મુક્તિ રહ્યાં છે માણી !

☆

રાજુલને પણ દીક્ષા દીધી
બંને સાથે જાય
એક થઇને મુક્તિદ્વારે
બંને ઊડી જાય !

# અહિંસાના પયગમ્બર

ઓ અહિંસાના પયગમ્બર!
તવ સ્પર્શે નિર્વિષ થયા કંઇ કોટિ કોટિ વિષધર!

વેર ઝેરનું ચક્ર અનાદિથી ફરતું સૃષ્ટિ પર
એમ જ અમૃત રૂપ રસાયણ પ્રગટ થતું પૃથ્વી પર
ઘોર તિમિર આચ્છાદન સમયે શોભી રહ્યો સુધાકર.

જ્ઞાન–અગ્નિ પર રાખ વળી ને ક્રિયા થઇ ગઇ કોરી
માનવ ચાલ્યો ઘોર અરણ્યે મૂકી મારગ ધોરી!

પૂર્વ દિશાએ પ્રગટ્યો તું પથદર્શક દિવ્ય દિવાકર.

આંતર–શત્રુ હણી હણી આત્મ–શક્તિ અવધારી
પગલે પગલે પાવનકારી પ્રેમ – પરાગ પ્રસારી
મહાવીર તું, મહાધીર તું, તું જ મહાજ્યોતિર્ધર!

☆

# ભજન

દુસ્તર આ સંસારને તરવો છે મુશ્કેલ
હોય કૃપા કિરતારની પાર ઉતરવો સ્હેલ.

☆

અંગે ધરીને ઉમંગ, સંગે ભક્તિનો રંગ.
આવો ભજીએ પ્રભુને પૂરા ભાવથી હોજી.

હૈયે ધરીને ઉચ્છરંગ સૌએ નરનારી સંગ–આવો.

દીનદયાળુ છે દેવ અમારો
પરમકૃપાળુ છે સ્વામી અમારો

એની દયાનો નહિ પાર, એની માયા અપરંપાર–આવો.

કરીએ ભજન એનું ભાવ ધરીને
સાચી શ્રદ્ધાનો દીપ ધરીને

ગાઓ ગરવાં રે ગીત, બાંધી મોંઘેરી પ્રીત–આવો.

આવો થઈએ પ્રભુને પ્યારાં
જિનવર કેરા નેહ છે ન્યારા

એ તો કરુણાનિધાન, એનો મહિમા મહાન–આવો.

એને ભજતાં ભવદુ:ખ ભાગે
એને પૂજતાં શીવસુખ આગે

એનું મંગલમય નામ,
કરશે પૂરણ કામ

આવો ભજીએ પ્રભુને પૂરા ભાવથી હોજી.

☆

માનવ જન્મ મળ્યો મુજને પણ કોઇ સારું કામ કર્યું નહિ
સાચા દિલથી કદી ય મેં તો ભગવન તારું નામ લીધું નહિ,
ધનદોલત હું ખૂબ કમાયો કોડીનું પણ દાન દીધું નહિ
એક ઘડી એકાંત બેસીને તારું કંઇ ગુણગાન કર્યું નહિ.

# વીરની વાણી

સુખ છે થોડું ને દુ:ખ છે ઝાઝું એવો આ સંસાર
જીવતરમાં જ્યારે આગ લાગે ને અંગે ઉઠે અંગાર
છાંટે ત્યારે શીતળ પાણી
એવી પ્રભુ વીરની વાણી.

રાગ નથી એને દ્વેષ નથી કંઇ પ્રેમનો પારાવાર
નિશદિન કુણા કાળજડેથી વહેતી કરુણાની ધાર
શાતા પામે સઘળાં પ્રાણી
એવી પ્રભુ વીરની વાણી.

ચંડકોશિનાં ઝેર ઉતાર્યાં ઉગારી ચંદનબાળા
ગૌતમનો પણ ગર્વ ઉતાર્યો વેણ કહી મરમાળા
જાણે સ્નેહની સરવાણી
એવી પ્રભુ વીરની વાણી.

દીનદુ:ખીને સુખી થવાનો મારગ એ બતલાવે
જાદુ ભરેલાં વેણ કહીને પાપીઓને પીગળાવે
પાષાણને કરતી પાણી
એવી પ્રભુ વીરની વાણી.

મંગલકારી વીરની વાણી અમૃતની રસધાર
ઝીલી શકે નહિ અંતર જેનું, એળે ગયો અવતાર !
જાણી એણે મોક્ષ પ્રમાણી
એવી પ્રભુ વીરની વાણી.

☆

# કમઠ જોગી

ધુણી ધખાવીને, રાખ લગાવીને
બેઠો જોગીડો એક બળબળતા તાપમાં.

વૈશાખી તડકો, સામે છે ભડકો
નાખે છે લાકડાં એ ભડભડતી આગમાં.

કમઠ એનું નામ, એણે ઘેલું કીધું ગામ
આવે નરનારી તમામ કરતાં દંડવત્ પ્રણામ!

ભોજનિયાં લાવતાં, ફુલડે વધાવતાં
અંજાતાં લોક સહુ એના પ્રભાવમાં!

કૌતુક જોવા જોગીડાનું નીકળ્યા પાર્શ્વકુમાર
નાગને બળતો આગમાં દીઠો હૈયે ઉઠ્યો ધબકાર

કાળજડે કરુણા છલકાણી ઉર કરે પોકાર;
'ધર્મ નથી આ ધતીંગ મોટું' પાર્શ્વે કર્યો પડકાર!

જોગી ઝંખવાણો, રોષે ભરાણો
સળગ્યા અંગારા એની તગતગતી આંખમાં!

'સાંભળ રાજન ધર્મની વાતો ના સમજે તું લગાર
તું તો નિશદિન હાથી ઘોડાના ખેલ ખેલાવણ હાર'

'જીવદયા જરી જાણે ન જોગી,
હિંસા–અહિંસા સાર

આંખ ઉઘાડી રાખીને જો જે
નાગ બળે અંગાર !'

કાષ્ટ ચીરાવીને, સાપ બતાવીને
જોગીને મ્હાત કરી દીધો પળવારમાં !

સળગંતા સાપને પાર્શ્વકુમારે સંભળાવ્યો નવકાર
ભુંડા હાલ થયા જોગીડાના, લોક કરે ફિટકાર !

અંતરમાં આગ ભરી, જોગીએ પ્રાણ તજી
વાળે છે વેર પછી બીજા અવતારમાં !

☆

દર્શન તારું પામી શકું હું દૃષ્ટી એવી દેજે
સહુનો મિત્ર બનું સૃષ્ટિમાં શક્તિ એવી દેજે

# પારસ કરજે

આ પત્થર દિલને પારસ કરજે પ્યારા પારસનાથ
કથીરને તું કાંચન કરજે પ્યારા પારસનાથ.

કામ–ક્રોધના કાજળથી રંગી છે કાળી કાયા
મોહ–લોભ ને મદ–મત્સરથી લાગી તુજને માયા
આતમને ઓજસથી ભરજે પ્યારા પારસનાથ.

સુખ મેળવવા સારી જિંદગી સળંગતો સંસારે
દિલનો દીપ બુઝાવી દઈને ભટકંતો અંધારે
પ્રેમ–પુણ્યનો પ્રકાશ ધરજે પ્યારા પારસનાથ.

બળતી આગે નાગ ઉગાર્યો અંતર કરુણા આણી
હું પણ એમજ બળી રહ્યો છું છાંટો પ્રેમનું પાણી
જીવન મારું ઉજ્વળ કરજે પ્યારા પારસનાથ.

☆

# વશીકરણ

વિરોધ કરનારાની સામે ક્રોધ કર્યો ના લગીર
વેરીને પણ વ્હાલ કરીને વશ કરતા મહાવીર.

યજ્ઞ અધૂરો મૂકી દઈને ગૌતમ દોડ્યા આવે
'મ્હાત કરૂં હંફાવું વીરને' અભિમાન મન લાવે
શાંત મધુર પ્રેમળ શબ્દોથી મહાવીર સ્વાગત કરતા
મનનો ભેદ મિટાવી દઇ ગૌતમને નિજનો કરતા!
ભ્રમણા દૂર થતાં ચરણોમાં ઝૂકી રહે શરીર! વેરીને

ગર્વ–ગુમાને, ઘોર ઘમંડે ગરજે છે ગોશાળો
એક વખત જે ભક્ત હતો તે આજ ભાંડતો ગાળો!
તેજોલેશ્યા છોડી તો પણ મહાવીર કરુણા લાવે
ક્રોધ કર્યા વીણ ગોશાળાને બોધ વચન સંભળાવે.
નિશદિન નયણેથી નીતરતું પ્રેમનું અમૃત નીર. વેરીને

ચંડકોશિએ ડંખ દીધા પણ દિલમાં ડંખ ન રાખ્યો
ખીલા જડ્યા ભરવાડે તો પણ એને નહિ દુભાવ્યો
વિરોધીઓને વ્હાલ કરીને સાચા ભક્ત બનાવ્યા
ક્ષમા અને સમતાના પાઠો એણે જીવી બતાવ્યા.
પ્રેમ થકી ભરપૂર હૃદય છે સાગર સમ ગંભીર. વેરીને

☆

# દીપક પ્રગટાવવા

સુખને સરજાવવા, દુઃખને દફનાવવા
આવું છું તારે દ્વાર
સમતાને સાધવા, મમતાને મારવા—આવું

ચારે દિશાએ ધખધખતી જ્વાળા
અંગ અંગને રે દઝાડે

વેરને ઝેરના વીંઝાતા વાયરા
વ્હાલપની વેલ વણસાડે
દાવાનળ ઠારવા, શીતળતા પામવા—આવું

આંગણિએ ઊગ્યાં હસતાં આ ફુલડાં
મીઠી સુગંધ પ્રસરાવે

દુર્ભાગી હૈયું દુર્ગંધ ચાહે
ભ્રમણાના વનમાં ભમાવે
મનને મ્હેંકાવવા, તનને તપાવવા—આવું

દુઃખિયાંના દુઃખને, થાક્યાંના થાકને
ભૂલવતી તારી છાયા

હૈયું હરખાવતી, શાતા પમાડતી
મીઠી પ્રભુ તારી માયા
દીપક પ્રગટાવવા, જીવન ઉજાળવા—આવું

☆

# જ્યોતમાં જ્યોત

નેમ ગયા ગીરનાર.

સાંભળતાં પોકાર પશુનો તજી દીધો સંસાર.

જીવતરનાં સહુ બંધન તોડી
મુક્તિ પંથે પળતા
પૃથ્વીને પાવન કરવાને
પગલે પગલું ભરતા
થયા મહા અણગાર.

જનમ જનમના પતિને પગલે
સતીએ આવી સાથ પૂરાવ્યો

જ્યોતમાં જ્યોત મળી ગઇ
જગમાં પ્રેમ પંથ પ્રગટાવ્યો,

ધન્ય ઉભય અવતાર.

☆

# સૂરની સમાધિ

છોને મારા તંબૂરાના થાય ચૂરેચૂરા
તો યે તારાં ભજન રહે ના અધૂરાં.
છોને નહિ કંઠના આલાપ હો મધુરાં–તો યે.

દિવસ ને રાત હું ગાઉં છું ગીત તારાં
વહેતી નિરંતર જેવી નદીની ધારા
છોને નહિ ઉરના ભાવો પ્રગટે પૂરેપૂરા–તો યે.

તનને તંબૂરે મારા આતમના તાર બાંધુ
તુજમાં હું લીન થઇ સ્વરની સમાધિ સાધું
છોને મારાં ગીત હો સ્વરિલાં કે બસ્વરાં–તો યે.

તૂટે તંબૂર ભલે તૂટે સૌ તાર
તો યે ના ખૂટે એનો મીઠો રણકાર
છોને આ જગના લોકો કહે ભલા–બૂરા–તો યે.

☆

# કસોટી

કરી લે કસોટી, કરી લે કસોટી
કોટિ કોટિ વાર મારી કરી લે કસોટી.

મારી શ્રદ્ધાને તું તો જોઇ લે કસીને
દુઃખના પત્થર પર એને જોજે ઘસીને
કદી નહિ ઊતરે એ તો રતીભાર ખોટી.

ચાહે ભડભડતી ભીષણ ભઠ્ઠીમાં નાંખજે
ચાહે દરિયાના ઊંડા જળમાં ડૂબાડજે
લાખ લાખ રીતે મુજને લેજે લસોટી.

કરવાં જે હોય તારે કરી લેજે પારખાં
મારે તો સુખદુઃખ બંને એકજ સરખાં
જોઇ લે વિપદ કેરા વાંચરા વીંઝોટી!

કરી લે કસોટી.

☆

# સ્મરણ

તને નાથ સદા સમરૂં છું
તારે ચરણે જીવન ધરૂં છું.

તું છે સહુનો રાખણહારો રક્ષા કરજે મારી
ના જોઇશ તું અવગુણ મારા ભવથી લેજે ઊગારી.

હું તો ભવોભવ ભ્રમણ કરૂં છું.

દર્શન તારું પામી શકું હું દૃષ્ટિ એવી દેજે
સહુનો મિત્ર બનું સૃષ્ટિમાં શક્તિ એવી દેજે

હું તો તુજ ગુણગાન કરૂં છું.

શ્વાસે શ્વાસે સ્મરણ કરૂં છું હે ત્રિભુવનના સ્વામી
જીવન આશા પૂરી કરજે હે જગના વિશરામી

તારું નીત નીત સ્તવન કરૂં છું.

☆

## આધાર

હે કીરતાર મને આધાર તારો
જો જે ના તૂટી જાય.

હે પ્રભુ તારા પ્રેમનો ખજાનો
જો જે ના ખૂટી જાય.

તારો વિશ્વાસ મને આ અવનિમાં
આપે પ્રકાશ-જ્યોત એ રજનિમાં

શ્રદ્ધાથી વાળી છે ગાંઠો મેં સ્નેહની
જો જે ના છૂટી જાય.

શક્તિ પ્રમાણે ભક્તિ કરૂં છું
આ જીવન તુજ ચરણે ધરૂં છું

પ્રેમનો પ્યાલો પીવા જઉં ત્યાં
જો જે ના ફૂટી જાય.

ગાઇ રહ્યો છું ગીત તુજ પ્રીતના
સ્નેહથી ભરેલા સ્વરો સંગીતના

લાખના હીરાને હાથમાંથી કોઇ
જો જે ના લૂંટી જાય!

☆

# સુખમાં ને દુઃખમાં

સુખને સમયે રંગરાગમાં રહીએ રે મસ્તાન
દુઃખના ડુંગર તૂટી પડે ત્યારે ભજીએ રે ભગવાન !

ધનના ઢગલા પડ્યા હોય ત્યારે ધર્મની વાતો સૂઝે નહિ
મ્હેલ–મ્હેલાતોના વૈભવમાં મોક્ષની વાતો રુચે નહિ
હૈયે જ્યારે ધીરજ રહે નહિ ધરીએ તારું ધ્યાન !

ભાગ્ય હોય ચમકંતું જ્યારે ભક્તિભાવના જાગે નહિ
પુણ્ય પ્રકાશી રહ્યું હોય ત્યારે પાપની ભીતિ લાગે નહિ
લક્ષ્મીનો ભંડાર જોઇને ભૂલીએ તનમન ભાન !

ચાર દિવસની ચાંદની ચમકીને જ્યારે ચાલી જતી
અંધકાર ઊતરે છે ત્યારે યાદ પ્રભુની આવી જતી
સંકટ આવે ત્યારે આવતું સાચું આતમજ્ઞાન !

☆

# બેશરમ

ભવોભવ ફેરો, માથે ભારો લઈને ભટકું જનમ જનમ
જનમ જનમ ભટકું છું તો યે મુજને આવે નહિ શરમ!

હીરો હાથમાં હતો છતાં યે કાચ લઈને રાચ્યો છું
સંત પુરુષના સંગ તજીને રંગરાગમાં નાચ્યો છું
અંગ અંગથી પ્રગટી રહ્યાં છે અંગારાંઓ ગરમ ગરમ!

પૂર્વ દિશાએ જવું હતું પણ દોડ્યો પશ્ચિમ દ્વારે
ઉત્તર દક્ષિણ અથડાયો પણ આવ્યો નહિ કિનારે
કાળી અમાસની રાતે રમતાં જાણી નહિ અજવાળી પૂનમ!

પુષ્પ સુકોમળ ફેંકી દઈને કંટક કરમાં ધરતો
વ્હાલપને વિસારી દઈને વેરઝેરમાં રમતો
ભેદ ભરમમાં ભૂલો પડીને છોડી દીધાં ધરમ કરમ!

☆

# મને દેજે એવું ગીત

મને દેજે એવું ગીત

જેથી થાયે પૃથ્વી પરના પ્રાણી માત્રથી પ્રીત.

અમીર–ગરીબને ઉજળાં–કાળાં, રંકરાયના ભેદ નહિ
હર્ષ–શોકમાં કે સુખદુઃખમાં રાગ અગર કે દ્વેષ નહિ
ગૂંજી ઉઠે સ્વર સ્વરમાં સ્નેહ તણું સંગીત.

એક એક આલાપે વ્યાપે વિશ્વમહીં ઝણકાર
વાદવિવાદ વિસારી જાગે સંવાદી રણકાર
હરદમ સરગમ સુણતાં સુણતાં હૃદય બને પુલકિત.

મધુર મધુર સંગીતની તાને વહે જ્ઞાનની સરિતા
શબ્દે શબ્દે સુવાસ પ્રસરે એવી બને કવિતા
સળગેલાં શીતળતા પામે ચમકે મુખ પર સ્મીત!

મને એવું દેજે ગીત.

☆

# આર્દ્રકુમાર

## પૂર્વ ભૂમિકા

આર્દ્રકુમાર અનાર્ય દેશનો રાજકુમાર. એના પિતા અને મગધના શ્રેણિક વચ્ચે ગાઢ મૈત્રી. એને કારણે બંનેના પુત્રો અભયકુમાર અને આર્દ્રકુમાર વચ્ચે પણ દોસ્તી થઈ—માત્ર પત્રવ્યવહારથી. એકબીજાને મળવાની ઘણી જ ઉત્કંઠા પણ આર્દ્રકુમારને ભારત આવવાની રજા મળે જ નહિ. એક દિવસ અભયકુમારે કોઈ વેપારીઓ સાથે ભગવાન ઋષભદેવની સુંદર મૂર્તિ ભેટ મોકલી. મૂર્તિને જોતાં જ આર્દ્રકુમાર અભયને મળવા તથા ભારતની ભૂમિને નિહાળવા આતુર થઈ ગયો, ને એક દિવસ છાનોમાનો ચાલી નીકળ્યો. ભારતની ભૂમિ પર પગ મૂકતાં જ એણે ધરતીની ધૂળને આદરપૂર્વક માથે ચઢાવી. એ આગળ ચાલ્યો. પણ રસ્તામાં જ એને વૈરાગ્ય આવતાં સાધુ બની ગયો...

એક દિવસ વસંતપુર નામના ઉદ્યાનમાં મુનિ આર્દ્રકુમાર એક વૃક્ષની ઓથે ધ્યાનમાં ઊભા છે. ત્યાં ઉદ્યાનના માલિકની પુત્રી શ્રીમતી એની નાનકડી સાહેલીઓ સાથે રમવા આવી પહોંચી. એમણે રમત માંડી વરવહુની! વૃક્ષને પકડીને બોલે કે આ મારો વર! આ મારો વર! રમત હેલે ચઢી, અને અબુધ બાળા શ્રીમતી એક ગંભીર ભૂલ કરી બેસી. વૃક્ષને બદલે એણે મુનિ આર્દ્રકુમારનો પગ પકડી લીધો ..અને......પછી.........?

# આર્દ્રકુમાર

ઋતુઓની રાણી આવી રમતી રે ઉદ્યાનમાં
રુમઝુમ રુમઝુમ નાચતી ને ગાતી મીઠી તાનમાં.
ફુલડાંઓએ ફોરમ દીધી રંગ્યાં વિધવિધ રંગમાં
ભમરાઓ આવીને ગુંજન કરતા કળીઓ સંગમાં,
કુંજે કુંજે ટહુકા કરતી કોયલડી પણ ગાનમાં.

સ્વર્ગની પરીઓ શી નાચે
નાનકડી કુંવરીઓ રાચે
વૃક્ષે વૃક્ષે ધૂમરીઓ લઇ ઘૂમતી'તી બેધ્યાનમાં!

☆

અણુસમજુ બાળાઓ જોતી ભાવિનાં શમણાં
વરવહુની વાતોથી સહુનાં મલકે વદન નમણાં!

કિલકિલ હસતી દોડે રણકે પગનાં ઝાંઝર
વૃક્ષોને વળગીને બોલે આ મારો વર!

શરમાતી શરમાતી બાળા બોલી રે બેભાનમાં
ઊંચું રે જોયું તો એણે દીઠા મુનિવર ધ્યાનમાં!

☆

સખીઓએ કરી મશ્કરી
ઘેલી રે અલી બાવરી,
આંખો ખોલી જો જરી
મુનિવરને તું તો વરી!

☆

ગોત્યો રે ગોત્યો ઘેલી વર તેં રૂપાળો રે
મેલો ને ઘેલો તો યે લાગે રઢીયાળો રે.

☆

બોલી સખી કેમ મુંગી થઇ?
મુનિવરને વરશે કે નહિ?

નિશ્ચય કરીને બાળા બોલી એજ મારો વર
અણજાણ્યો મનડાએ માન્યો ભલે હોય મુનિવર!
પરણીશ તો હું એને પરણીશ બીજાં બધાંય પર
સૂર્ય ફરે પણ નિશ્ચય મારો રહેશે સદા અફર!

☆

ધ્યાન થકી પરવારીને મુનિએ કર્યો વિહાર
નિજ ઘર ચાલી શ્રીમતી કરતી લાખ વિચાર.

આવી માતપિતા કને કહી દીધો નિરધાર
નિશ્ચય સુણતાં પુત્રીનો ચકીત થાય પળવાર.

☆

મુંઝાતી રે માવડી, એની ભીની થાતી આંખડી:
"બેટા, હજી ય તું તો ભોળી નાદાન!
વ્હાલી મારી લાડકી, તું તો હજી બાળકી
સંસારનું નથી તને કંઈ ભાન.

એ તો છે જંગલના જોગી
નહિ રે થાશે એ ભોગી
મળે હવે ન એનું નામ–નિશાન."

☆

'સુણરે ઓ માડી મોરી, ભલે હું તો નાની છોરી
નહિ રે છોડું હું માતા હવે એનું નામ
ભલે રહ્યા વ્રત ધારી, થઇશ રે હું એની નારી
છો ને આ દુનિયા કરે બદનામ!'

☆

'કંચન કામિનીના ત્યાગી, કેમ કરીને થાશે રાગી?
બીજો પરણાવું તને ઉત્તમ કુળવાન!'

☆

'એક દિન આવશે, પગલાં એ પાડશે
બીજા બધાં ય મારે બંધુ સમાન!'

☆

દાનશાળાને ઓટલે બેઠી માંડી મીટ
બાર બાર વરસો વીત્યાં મુનિવર રહ્યા અદીઠ.
પુત્રીનું દુઃખ જોઇને માતપિતા મુંઝાય
યૌવન આવ્યું અંગ પર દઢ રહી નિશ્ચયમાંય.

☆

એક નવલું વ્હાણું વાયું રે
પંખીએ ગીતડું ગાયું રે
આશાનો આંબો આજ ફળતો દેખાય.

એક નવતર માનવ આવ્યું રે
બાળાનું દિલ હરખાયું રે
મનડાના માનેલાના પિછાણ્યા રે પાય !

શ્રીમતી ઘેલી બનીને મુનિને કોટે વળગી
આંગણે આવ્યા છે હવે થઇશ ના અળગી !

મુનિએ સામે જોયું રે
જોઇને દિલડું ખોયું રે
જનમો જનમના આ ખેલ રચાય !

☆

બાર બાર વરસોનું મોંઘેરું શમણું
આજ બને સાકાર

રમતાં રમતાં માની લીધો તે
આજ બને ભરથાર!

'ભોગ હશે ભોગવવા બાકી'
આર્દ્રમુનિ એમ માને

'જોગી થઇને ભોગી થવાનું
ભાવિને કોણ પિછાણે?'

સાધુનો વેશ ઉતારીને સજતા
સંસારીના શણગાર!

☆

વાગી રે શરણાઇ

જુગ જુગની જાગી રે ઝંખના
ગીત મધુરાં ગાઇ

પ્રેમ પિપાસુ પંખીડાંની મિલનની ઘડી આઇ.

☆

સંસારે ભમતાં રે કે વીત્યો સમય ઘણો
શ્રીમતીને ખોળે રે રમે એક બાળ નમણો.

☆

એકવાર છોડીને સંસાર, જેણે માંડ્યાં ઘરબાર
એવા જોગીડાને જોગ પાછાં સાંભર્યાં હોજી.
ભોગ ભોગવ્યાં પળવાર, એણે જોઇ લીધો સાર
હવે જીવન અકારાં એને લાગીયાં હોજી.

મોતીના ચરનારા હંસલાને
કેમ ભાવે હવે ભૂમિ કેરૂં ઘાસ?

શીખરૂંના સંચરનારને કેમ
ફાવે ધરતીનું નિવાસ!

જાવું પ્રભુને પગથાર, આવે ફરીથી પોકાર
હવે ફુલડાં કંટક થઇ વાગીયાં હોજી.

☆

પ્રીતમનું મન પલટાતું જોઇ પત્ની થાય ઉદાસ
'કંથ ગયા પછી કામિનીને કરવી કોની આશ?'

☆

ધીમો ધીમો ફરતો રે, ગરીબનાં દુઃખ હરતો રે
રૂડો મારો રેંટીયો હોજી.

મીઠાં ગુંજન કરતો રે, ભુખ્યાંને ભોજન ધરતો રે
રૂડો મારો રેંટીયો હોજી.

રક્ષણ કરતો રેંટીયો, સહુનો પાલનહાર
એના ઉજળા તારથી, ઉજળો છે સંસાર
મનને આનંદ દેતો રે, વાત અનેરી કે'તો રે.

જગમાં જેનું કોઇ નહિ, એનો આ સથવાર
કાચા સૂતર તાંતણે બંધાયો સંસાર!
સુખદુઃખનો એ સાથી રે, ભવિષ્યનો સંગાથી રે.

☆

માનું ઉદાસીન મુખ નિહાળી બાળ કરે છે વિચાર;
'રેંટીયો કાંતવાનું શીદ તારે? સમજું નહિ હું લગાર.'
વ્હાલ કરીને માતા બોલી આંખે આંસુડાની ધારા;
'એકલાં અટૂલાં આપણને મૂકી જશે હવે બાપુ તારા
સ્નેહ વિસારી સાધુ થશે એ, આપણે નિરાધાર
ગરીબ સ્ત્રીને આ સંસારે રેંટીયાનો આધાર.'

☆

બાળકની બુદ્ધિએ પાસા બાજીના પલટાવ્યાજી
સૂતર કેરા તારે એણે પાય પિતાના બાંધ્યાજી
વિયોગના તૂટેલા તારો એણે પાછા સાંધ્યાજી!

☆

પુત્રપ્રેમનો વિજય થયો ને હાર પિતાએ માની
બાળકને લઇ ગોદ વ્હાલથી એની વાત પ્રમાણી,
પગને બાંધ્યા આંટા ગણતાં બાર બરોબર થાય;
'બાર વરસ રે'વું સંસારે' એવો નિશ્ચય થાય!

☆

## હસી ઊઠ્યો સંસાર

પળ પ્હેલાં જે હતું વાદળું હઠી ગયો અંધકાર
આંસુડાની ધાર હતી ત્યાં આનંદ પારાવાર!

☆

સુખ સંસારનું મા'ણતાં વરસો વીત્યાં બાર
અવધ પૂરી થઇ જાણતાં છોડી દીધાં ઘરબાર.

☆

સર્પ કાંચળી ઉતારે એમ તજી દીધો સંસાર
માનેલી મંઝીલ પર જવા ઉપડ્યા આર્દ્રકુમાર;
મહાવીર ચરણે શીષ ઝુકાવ્યું ફરી થયા અણગાર!
તપ સંયમ ને ત્યાગથી ધન્ય કર્યો અવતાર!

☆

# મુનિ નંદીષેણ

## પૂર્વ ભૂમિકા

એક દિવસ ભગવાન મહાવીર રાજગૃહીના ઉદ્યાનમાં પધાર્યા. મગધપતિ શ્રેણિકના પુત્ર કુમાર નંદીષેણે ભગવાન પાસે દીક્ષા લેવાની ઇચ્છા પ્રદર્શીત કરી. પ્રભુએ એની ભાગ્યરેખા વાંચીને કહ્યું કે તારે તો હજી સંસારમાં ઘણા ભોગ ભોગવવાના બાકી છે. તો યે નંદીષેણે અત્યંત આગ્રહ કરીને દીક્ષા લીધી. ભગવાને ભાખેલી વાણીને નિષ્ફળ કરવા મુનિ નંદીષેણે ભગીરથ પ્રયત્ન કર્યા પણ...લખ્યા લેખ થોડા મિથ્યા થાય છે? અને પછી...?

# મુનિ નંદીષેણ

માથે અરિહંતની આણ, ચાહે આતમની ઓળખાણ
ચાલ્યા જાય રે એક જોગી કરવા કાયાનું કલ્યાણ.
આભે ચંદ્ર હોય કે ભાણુ, એ તો સદા રહે અણજાણ.

વિષય–વાસના નિર્મૂળ કરવા વનવગડામાં ઘૂમે
ઇંદ્રિયો સામે સંગ્રામે સર્વ શક્તિથી ઝૂમે.
એ તો ભૂલી દેહનું ભાન, પળપળ પામે સાચું જ્ઞાન.

☆

મન મજબૂત બનાવીને બાળે મોહ–વિકાર
સ્મરણે ચઢે પ્રભુ વીરના વચનો વારંવાર,
કોમળ કાયા કષ્ટથી કીધી ખૂબ કઠોર
તો યે ચંચળ ચિતડું થાતું સાવ નઠોર!

☆

ઘેલું થા મા, ઘેલું થા મા!
ઓ રે મનડા, ઘેલું થા મા!
મોહ થકી મેલું થા મા!

ખૂબ દમી દમી સુકવી કાયા
તો ય ન કેડો મૂકતી માયા

અણગમતું ગીતડું ગા મા!
ઘેલું થા મા!

જોગ મહીં છે દોહ્યલું જીવવું
ભોગ થકી તો બહેતર મરવું
જાવું નથી ત્યાં જા મા!

☆

વ્યાકુળ ઉર મુનિ તણું કરતું લાખ વિચાર;
'અપજશ પામી જીવવું એ જીવતર ધિક્કાર!'
પ્હાડ ઉપર ઊંચે ચઢ્યા કરી દીધો નિરધાર;
આપઘાતને કારણે મુનિ થયા તૈયાર!

☆

જાગ્યો જાગ્યો આતમરામ
આ તો કાયરનું છે કામ
દુનિયામાં લજવાશે રે મહાવીર કેરૂં નામ!

આપઘાતથી કર્મ છૂટે ના
પાપ કર્યાથી પાપ ખૂટે ના
ભવોભવ ના ઠરશે કોઇ કામ
ના મળશે મુક્તિનું ધામ—દુનિયામાં.

☆

શાંત થઇ વ્યાકુળતા તપ તપતાં ફરીવાર
કરતાં આતમ-સાધના પામ્યા લબ્ધિ અપાર
એક દિન છઠને પારણે મુનિ ગોચરીયે જાવે
ગણિકાના આંગણિયે ઉભી ધર્મ લાભ સંભળાવે!

'ધર્મલાભથી શું વળે અહીં અર્થલાભનું કામ !
વિરાગનો આશ્રમ નથી આ તો વિલાસનું વિશ્રામ.
ધરમ કરમ કે સાધુતાની શુષ્ક નહિ કોઇ વાતો
સ્વર્ગ સુખની રસ નીતરતી રંગ ભરેલી રાતો
હીરા–માણેક રત્ન રૂપૈયા સુવર્ણનુ છે કામ
એવું કાંઇ બતાવો તો મુનિ તમને કરૂં પ્રણામ !'

☆

વાસંગનાના આ વચનોથી મુનિને મ્હેણું વાગ્યું
વરસોની ઉગ્ર તપસ્યાનું ફળ આજ એને ખપ લાગ્યું !
મંત્ર બળે પળવારમાં એણે અખૂટ ધન પ્રગટાવ્યું;
'લે સુંદરી અર્થ લાભ લઇ લે' એમ કહી મે'ણું ભાંગ્યું !

☆

રૂપસુંદરીને મ્હાત કરીને મુનિવર પાય ઉપાડે
ઝટપટ આગળ દોડી જઇને ઉભી બારણા આડે !

☆

'કોણ ભોગવશે આ ભોગ ? જુવાન જોગી !
ફરી ફરી નહિ આવશે રે આવો સુંદર યોગ !
ઉઘડતું આ રૂપ ને યૌવન ફુલ સુકોમળ કાયા
પંથ ભુલીને કાં ભટકો છો કોઇના ભરમાવ્યા ? !
જનમ જનમનું પ્રેમમિલન આ કેવો સુભગ–સંયોગ !'

☆

એકાએક સ્મરણ પટે આવ્યાં પ્રભુના વેણ
નંદીષેણ મુનિ તણું પલટ્યું જીવન-વહેણ!

☆

## ભાવિના ભાવ ભજવાયાં!

ગાવાં હતાં નહિ એજ ગીતો
આજ અચૂક ગવાયાં!

ઊગમણી દિશાનો યાત્રી આથમણે અટવાયો
ભોગાવલી કર્મોને કારણ લલનામાં લપટાયો
મિથ્યા નહિ રે થાશે કદાપિ લેખ લલાટે લખાયાં!

☆

પ્રાયશ્ચિતના પ્રતિક રૂપે એક પ્રતિજ્ઞા પાળે
રોજ રોજ દસ દસ માનવને દીક્ષા પંથે વાળે.

☆

ગણિકા સંગે, રમતાં રંગે વરસો વીત્યાં બાર
પૂર્વ દિશાને દ્વારે ઉઘડી આજ અનોખી સવાર
નવ જણ માન્યાં, એક ન માને દીધી શીખ હજાર
શુષ્ક હૃદયનો આ સોનીડો ના સમજે તલભાર;
'શીદને પડી રહ્યા છો પોતે જે સંસાર અસાર!
વાણી જુદી, વર્તન જુદું કેમ પમાયે પાર!!'
'ભોગ કર્મ છે બાકી મારે હજી ઘણી છે વાર
ડૂબ્યો છું તેથી તો વાંચ્છુ બીજાનો ઉદ્ધાર!'

ચર્ચા ચાલી રહી ત્યાં ગણિકા આવી ઉભી તે વાર;
'નાથ પધારો મોડું થાય છે, છે ભોજન તૈયાર !'

'ક્યારનો સમજાવું આને પીગળે નહિ લગાર
ત્યાં લગી ખાવા કે પીવાનો થાય નહિ જ વિચાર.'

સૂઝી મશ્કરી ત્યાં ગણિકાને હસી રહી પળવાર;
'બીજો કોઇ નથી તો સ્વામી તમે થાવ તૈયાર !!'

☆

હાસ્ય–વિનોદી ભાવથી નીકળ્યાં ગણિકા–વેણ
સુણતાં સ્તબ્ધ થઇ ગયા વૃર્તજ નંદીષેણ !

મજાકના આ શબ્દોએ તો સાચું તાક્યું તીર
જાગ્યો કેસરી સિંહ સૂતેલો તોડીને જંજીર!

☆

ગણિકાના વિનોદી વેણ
આજ ઉઘાડ્યાં નેણ
પીરસ્યાં ભોજન પડ્યાં રહ્યાં
ને નીકળ્યા નંદીષેણ !

'વિદાય દે ઓ રૂપસુંદરી અનંત તુજ ઉપકાર
મર્મ ભરેલા તુજ શબ્દોએ દૂર કર્યો અંધકાર !

મિલન બનેલી સરિતાએ તો
પાછું પલટ્યું વહેણ,
પીરસ્યાં ભોજન પડ્યાં રહ્યાં
ને નીકળ્યા નંદીષેણ!

રડી રડીને પગમાં પડતી આંસુડે ચોધાર;
'જાશો મા, છોડીને મુજને જીવનના આધાર!'

વિનવી રહી છે બની બાવરી
બની ગઈ બેચેન,
પીરસ્યાં ભોજન પડ્યાં રહ્યાં
ને નીકળ્યા નંદીષેણ!

માર્ગ ભૂલેલ મુસાફર પાછો જાતો મંઝિલ દ્વારે
અંધારી રાતે ખોવાયો આવ્યો ઘેર સવારે!

મહાવીરને ચરણે જઈ બેઠા
ને પાછા નંદીષેણ!!
પીરસ્યાં ભોજન પડ્યાં રહ્યાં
ને નીકળ્યા નંદીષેણ!

# સુંદર અને સર્વોત્તમ

સાધન સામગ્રી જેવી કે....

★ સુગંધીદાર અગરબત્તી ★ વાસક્ષેપ
★ દશાંગી ધૂપ ★ કેશર
★ વાળાકૂંચી ★ કટાસણા
★ ચરવળા ★ સંથારીયા
★ સાપડા ★ સાપડી

સોના ચાંદીના વરખ, પરવાળાં, કેરબા અકકલબેર
સ્ફટિકની માળાઓ, મોરપીંછી,
ઉપકરણો, પુંજણીઓ
તેમજ—

## રેડીયમ અને પ્લાસ્ટીકની

માળાઓ, ઠવણીઓ, સાપડા વગેરે
લગ્નસરા અને દિપોત્સવી કાર્ડો,
સુશોભિત કેલેન્ડરો – વગેરે માટે

★

## મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

ગોડીજી ચાલ, કીકા સ્ટ્રીટ, મુંબઇ–૨.

ફક્ત ...
પાંપણના પલકારામાંજ
અશક્ય પણ શક્ય બની શકે છે..

## કૃષ્ણ ચતુર્દશી અષ્ટભૈરવ
## ઘંટાકર્ણ મહાપૂજન પતાકા યંત્ર

૧૧×૧૩" સાઇઝ
ચિત્ર
કિંમત રૂ-૨·૦૦.
પોસ્ટેજ ૭૫ ન.પૈસા
...પ્રાપ્તિ માટે...

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
બુકસેલર્સ અને પબ્લીશર્સ
કીકા સ્ટ્રીટ–ગોડીજી ચાલ–મુંબઈ ૨.

## મંત્ર-તંત્ર, સ્તોત્ર-સ્તુતિ
## છંદ સંગ્રહ..

કિંમત.... રૂા· ૩·૫૦ ન.પૈ.
પૃષ્ઠ સંખ્યા · ૮૦

# પુસ્તક મંત્રસાર

પોસ્ટેજ ૦·૯૨ ન.પૈસા
નવીન આવૃત્તિ
સમય સર મેળવી લેશો

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
૨૧૯·એ. કીકા સ્ટ્રીટ-ગોડીજી ચાલ-મુંબઈ ૨

## પ્રત્યક્ષ કે પરોક્ષ...
બાવનવીરદ્વારા કાર્યસિદ્ધિ

દ્વિપંચાશત [બાવનવીર] સહીત
## ઘંટાકર્ણ
બૃહદ્ સ્થાપન યંત્ર

સાઇઝ-૧૧×૧૪"
કિંમત રૂ-૧|=
ચિત્ર-યંત્ર
પોસ્ટેજ ૭૫ ન.પૈ

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
૨૧૯·એ·કીકા સ્ટ્રીટ·મુંબઇ·૨.

અજમાવી જુઓ
## ખોળાના ખુંદનાર ...
## ઇચ્છો છો ?

સંતાનોત્પત્તિ - ગર્ભરક્ષા
ઘંટાકર્ણ મહાપતાકા યંત્ર
અને
મંડલાકાર ઘંટાકર્ણ ધ્યાન યંત્ર

સાઇઝ ૧૧×૧૪"
ચિત્ર-યંત્ર
કિ. રૂા-૧·૦૦
પોસ્ટેજ ૭૯ ન.પૈ
જુદું
પ્રાપ્તિસ્થાન

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
કીકા સ્ટ્રીટ. ગોડીજી ચાલ. મુંબઇ-૨.

ત્રણેય યંત્રો
સાથે
મંગાવનારને
પોસ્ટેજ
ફક્ત
ન. પૈ.

મંત્ર–યંત્ર–તૈયાર
કરવા માટે
**અષ્ટગંધ ટીકડી**
કિંમત રૂા. ૧·૦૦
એક આની ભાર
(અંદાજ)
પ્લાસ્ટીક ડબી
મળશે.